dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 48 | AD - 2025, Magshar Sud - 1 | Friday, Dt.21-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પીએમ મોદી, ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન, ગુજરાતના મુખ્યમંત્રી સહિતનાઓ હાજર રહ્યા

# નીતિશકુમારે ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

પટના,તા.૨૦

બિહારના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેલા નીતિશ કુમારે ગુરુવારે ૧૦મી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. પટનાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને નીતિશ કુમારને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. ૭૪ વર્ષીય નીતિશ કુમાર પહેલી વાર ૨૦૦૦ માં મુખ્યમંત્રી બન્યા હતા. પટનાના ગાંધી મેદાનમાં નીતિશ કુમાર ઉપરાંત, ૨૫ અન્ય મંત્રીઓએ શપથ લીધા. આમાં ભાજપ તરફથી સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, દિલીપ જયસ્વાલ, મંગલ પાંડે, રામકૃપાલ યાદવ, સંજય સિંહ, નીતિન નવીન, અરુણ શંકર પ્રસાદ, સુરેન્દ્ર મહેતા, રામા નિષાદ, લખેન્દ્ર પાસવાન, નારાયણ પ્રસાદ, શ્રેયસી સિંહ અને પ્રમોદ કુમાર ચંદ્રવંશીનો સમાવેશ થાય છે. જદયુ ક્વોટામાંથી વિજય કુમાર ચૌધરી, વિજેન્દ્ર યાદવ, અશોક ચૌધરી, શ્રવણ કુમાર, લેસી સિંહ, પ્રમોદ કુમાર, જામા ખાન અને મદન સાહનીએ મંત્રી તરીકે શપથ લીધા. ચિરાગ પાસવાનની પાર્ટીના સંજય કુમાર અને સંજય સિંહે પણ શપથ લીધા. જીતન રામ માંઝીના પુત્ર સંતોષ સુમન અને ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશ પણ સરકારમાં મંત્રી બન્યા.



ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશ હજુ સુધી ધારાસભ્ય નથી. તેઓ પાછળથી એમએલસી તરીકે વિધાનસભામાં ચૂંટાશે. ઉપેન્દ્ર કુશવાહાના પત્ની, સ્નેહલતા કુશવાહાએ સાસારામથી ચૂંટણી જીતી હતી, પરંતુ ઉપેન્દ્ર કુશવાહાએ તેમના પુત્રને તેમના સ્થાને મંત્રી બનાવવાનો નિર્ણય લીધો છે.

મંત્રી બિજેન્દ્ર પ્રસાદ યાદવ મિથિલાના સુપૌલથી ધારાસભ્ય છે. તેમણે સતત નવમી વખત સુપૌલ બેઠક જીતી છે. તેઓ નીતિશ કુમારના ખૂબ જ નજીકના છે. તેઓ પાછલી સરકારમાં ઉર્જા મંત્રી હતા અને ૨૦૦૫ થી નીતિશ કુમાર સરકારમાં મંત્રી છે. મંત્રી લખેન્દ્ર પાસવાને વૈશાલીની પાટેપુર બેઠક જીતી. તેઓ પરંપરાગત RJD બેઠક પરથી જીત્યા. તેઓ યુવા BJP ધારાસભ્યોમાંના એક છે. તેઓ દલિતો અને ઉચ્ચ જાતિઓને એક કરવામાં સફળ રહ્યા હતા. મંત્રી રમા નિષાદ મુઝફ્ફરપુરના ઔરાઈથી પહેલી વાર ધારાસભ્ય બન્યા છે. તેઓ ભૂતપૂર્વ સાંસદ અજય નિષાદના પત્ની છે. શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને અન્ય ઘણા વરિષ્ઠ એનડીએ નેતાઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવ, ઉત્તરાખંડના પુષ્કર સિંહ ધામી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, આંધ્રપ્રદેશના ચંદ્રાબાબુ નાયડુ, રાજસ્થાનના ભજનલાલ શર્મા અને મહારાષ્ટ્રના દેવેન્દ્રસિંહ જાડેજા પણ હાજર રહ્યા હતા. આ દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ નીતિશ કુમારને અભિનંદન આપ્યા, તેમને ઉત્કૃષ્ટ રેકોર્ડ ધરાવતા કાર્યક્ષમ અને અનુભવી પ્રશાસક તરીકે વર્ણવ્યા હતા.

# બેંગલુરુમાં નકલી આરબીઆઈ અધિકારીઓએ કેશ વાનમાંથી રૂા.૭ કરોડની સનસનીખેજ લૂંટ ચલાવી

બેંગલુરુ,તા.૨૦

બેંગલુરુના રસ્તાઓ પર એક ઘટના બની જેણે બધાને ચોંકાવી દીધા. આરબીઆઈ અધિકારીઓ તરીકે રજૂ થયેલા પાંચથી છ ગુનેગારોએ બખ્તરબંધ કેશ વાનમાંથી ૭.૧ કરોડ રૂપિયા લૂંટી લીધા. આખી ઘટના એટલી કાળજીપૂર્વક ગોઠવવામાં આવી હતી કે તેમાં ફક્ત અડધો કલાક લાગ્યો. બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે,એચડીએફસી બેંક (જેપીનગર) માંથી ત્રણ રોકડ બોક્સ લઈને સીએમએસ ઈન્ફો સિસ્ટમ્સની કેશ વાન ૨૨ કિમી દૂર એચબીઆર લેઆઉટ તરફ જઈ રહી હતી.




અચાનક, જયનગરમાં અશોક પિલર પાસે, એક મારુતિ ઝેન કારે વાનને રોકી. તેની પાછળ એક ઈનોવા પણ આવી ગઈ. ઝેન કારમાંથી ત્રણ લોકો ઉતર્યા અને વાન સ્ટાફને કહ્યું, "અમે આરબીઆઈ અધિકારીઓ છીએ. તમારી કંપની પર નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે અને અમારે નિવેદનો લેવાની જરૂર છે." ઘટના સમયે, કેશ વાનમાં ચાર લોકો હતા ડ્રાઈવર વિનોદ કુમાર, કસ્ટોડિયન આફતાબ અને બે બંદૂકધારી, રાજન્ના અને તમૈયા. સ્ટાફ, શંકા ન કરતા, તેમની સાથે એમયુવીમાં ચઢી ગયો અને તેમની રાઈફલો વાનમાં છોડી દીધી. મોટી કારમાં બેઠેલા ગુનેગારોએ તેમને કહ્યું કે તેમને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન જવું પડશે અને કેશ બોક્સ આરબીઆઈ ઓફિસ લઈ જવામાં આવશે. તેમણે સ્ટાફને પગપાળા સિદ્ધપુર પોલીસ સ્ટેશન મોકલ્યા. ડ્રાઈવરને અલગ અલગ સૂચનાઓ મળી કાર આવી ત્યારે ડ્રાઈવર, વિનોદ, ડેરી સર્કલ પર રાહ જોઈ રહ્યો હતો. ગુનેગારોએ બંદૂક તાકી, વાનમાંથી રોકડ બોક્સ કાઢીને નજીકમાં પાર્ક કરેલી મારુતિ વેગન-આરમાં મૂકી દીધા. ત્યારબાદ તેઓ જે કારમાં પહોંચ્યા હતા તે છોડીને ઘટનાસ્થળેથી ભાગી ગયા.

# અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી નૂરુદ્દીન અઝીઝી પાંચ દિવસની ભારતની મુલાકાતે

ન્યુ દિલ્હી,તા.૨૦

અફઘાનિસ્તાનમાં તાલિબાનના સત્તામાં પાછા ફર્યા બાદ તાજેતરના દિવસોમાં બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. જોકે ભારતે હજુ સુધી તાલિબાનને ઔપચારિક રીતે માન્યતા આપી નથી, બંને દેશો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અને તેમના સંબંધોને એક નવું પરિમાણ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સંદર્ભમાં, અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી નૂરુદ્દીન અઝીઝી પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. આ મુલાકાતનો હેતુ ભારત સાથે વેપાર સહયોગને વધુ



મજબૂત બનાવવાનો છે. નિષ્ણાતો માને છે કે અફઘાન ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રીની ભારત મુલાકાત માત્ર એક મુલાકાત નથી પરંતુ બદલાતા ભૂ-રાજકીય સંતુલનનો એક ભાગ છે. આ મુલાકાતથી માત્ર અફઘાનિસ્તાન જ નહીં પરંતુ ભારતને પણ ફાયદો થશે. નોંધનીય છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનને વિશ્વના કોઈપણ દેશ દ્વારા ઔપચારિક રીતે માન્યતા આપવામાં આવી નથી, પરંતુ ભારત આર્થિક ક્ષેત્રમાં તેની સાથે સહયોગ કરી રહ્યું છે. પાકિસ્તાન સાથેના સંબંધોમાં તાજેતરના બગાડ પછી તાલિબાન સરકાર પણ ભારત સાથે સંબંધો મજબૂત કરવા માંગે છે. છેલ્લા કેટલાક દિવસોમાં, અફઘાન સરકારે બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવતા ઘણા નિર્ણયો લીધા છે. અફઘાન એરલાઈન એરિયાના એરલાઈન્સે કાબુલ-દિલ્હી કાર્ગો રૂટ પર ભાડા ઘટાડ્યા છે. વેપારીઓ દ્વારા ભારતમાં માલના પરિવહનને સરળ બનાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેનો મોટાભાગનો વેપાર હવાઈ કાર્ગો અને ચાબહાર બંદર દ્વારા થાય છે. તોરખામ સરહદ બંધ થતાં, આ બે માર્ગો વધુ મહત્વપૂર્ણ બની ગયા છે.

# અમેરિકા ભારતને ૧૦૦ જેવલિન મિસાઈલ સિસ્ટમ આપશે

ન્યુ દિલ્હી,તા.૨૦

અમેરિકા ભારતને ૧૦૦ જેવલિન મિસાઈલ સિસ્ટમ (FGM-૧૪૮) અને ૨૧૬ એક્સકેલિબર પ્રોજેક્ટાઈલ સ્માર્ટ આર્ટિલરી (M૯૮૨A૧) વેચશે. આ માટે બંને દેશો વચ્ચે ૯૨.૮ મિલિયન ડોલર (આશરે રૂ.૭૭૫ કરોડ)ની ડીલ થઈ છે. યુએસ ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA) એ બુધવારે જણાવ્યું હતું કે વેચાણ માટે જરૂરી મંજૂરીઓ અને વિગતો યુએસ કોંગ્રેસને સુપરત કરવામાં આવી



છે. DSCAએ જણાવ્યું હતું કે આ શસ્ત્રો ભારતને વર્તમાન અને ભવિષ્યના જોખમોનો સામનો કરવામાં મદદ કરશે. FGM-૧૪૮ જેવેલિન એક પોર્ટેબલ એન્ટી-ટેન્ક મિસાઈલ છે જે ટેન્ક, બખ્તરબંધ વાહનો અને બંકરોને ઉડાવી દેવા માટે બનાવાયેલ છે. આ મિસાઈલ ટારગેટની ગરમી (હીટ સિગ્નેચર) ને શોધીને તેના પર હુમલો કરે છે. તેની રેન્જ ૨૫૦૦ મીટર છે. તે ધુમાડો, ધૂળ અથવા ખરાબ હવામાનમાં પણ ટારગેટનો નાશ કરવામાં સક્ષમ છે. M૯૮૨A૧ એક GPS-ગાઈડેડ સ્માર્ટ ગોળો છે. તે સ્માર્ટ બોમ્બની જેમ કાર્ય કરે છે, પરંતુ તેને તોપથી છોડવામાં આવે છે. જ્યારે એક સામાન્ય તોપની રેન્જ ૧૫-૨૦ કિલોમીટર હોય છે, ત્યારે એક્સકેલિબર ૪૦-૫૦ કિલોમીટર દૂરના લક્ષ્યોને સચોટ રીતે નિશાન લગાવી શકે છે. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે ૩૧ ઓક્ટોબરના રોજ ૧૦ વર્ષના નવા સંરક્ષણ માળખા કરાર પર

**બંને દેશો વચ્ચે રૂ.૭૭૫ કરોડની ડીલ થઈ**

હસ્તાક્ષર કર્યા. આનો અર્થ એ થયો કે આગામી ૧૦ વર્ષોમાં, બંને દેશો તેમના સૈન્ય, સંરક્ષણ ઉદ્યોગ અને તકનીકી સહયોગને વધુ મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરશે. આ પહેલ હેઠળ, અમેરિકા ભારત સાથે અદ્યતન ટેકનોલોજી શેર કરશે, જે અદ્યતન ડ્રોન અને AI શસ્ત્રો પર સંયુક્ત રિસર્ચમાં મદદ મળશે.







# સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશમાં ન્યાયિક અધિકારીઓની નિવૃત્તિ વય ૬૦થી વધારીને ૬૧ વર્ષ કરી

નવીદિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે ગુરુવારે મધ્યપ્રદેશમાં ન્યાયિક અધિકારીઓની નિવૃત્તિ વય ૬૦ થી વધારીને ૬૧ વર્ષ કરી. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ પ્રસન્ના બી. વરાલે અને કે. વિનોદ ચંદ્રને તેમના વચગાળાના આદેશમાં તેલંગાણા હાઈકોર્ટના સમાન નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, "જ્યારે રાજ્ય સરકાર તૈયાર છે, ત્યારે ન્યાયિક અધિકારીઓને આ રાહત કેમ ન આપવી જોઈએ?" બેન્ચે જણાવ્યું હતું કે ન્યાયિક અધિકારીઓ અને અન્ય રાજ્ય સરકારી કર્મચારીઓ બંનેનો પગાર એક જ સરકારી તિજોરીમાંથી ચૂકવવામાં આવે છે. કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે અન્ય રાજ્ય સરકારી કર્મચારીઓ માટે નિવૃત્તિ વય ૬૨ વર્ષ છે. કોર્ટે નોંધ્યું હતું કે હાઈકોર્ટના ન્યાયાધીશો અને જિલ્લા અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિ વય વચ્ચે એક વર્ષનો તફાવત છે. હાઈકોર્ટના ન્યાયાધીશો ૬૨ વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે, અને હવે મધ્યપ્રદેશમાં જિલ્લા અદાલતના ન્યાયાધીશો માટે નિવૃત્તિ વય ૬૧ વર્ષ હશે. બેન્ચે અરજી પર અંતિમ સુનાવણી ચાર અઠવાડિયા માટે નક્કી કરી હતી.



## રાજુલાના નિંગાળામાં બે નવા માર્ગો અને શહેરમાં જળ સુવિધાનું ખાતમુહૂર્ત કરતા હીરાભાઈ સોલંકી

રાજુલા, તા.૨૦

રાજુલા તાલુકામાં માળખાકીય સુવિધાઓને મજબૂત કરતા ધારાસભ્ય હીરાલાલ સોલંકીએ નિંગાળા ગામે દેવકા–નિંગાળા રોડ અને જોલાપર એપ્રોચ રોડનું વિધિવત ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બંને નવા રસ્તાઓના નિર્માણથી


તસવીર : ગોપાલ રાઠોડ

ગ્રામ્ય કનેક્ટિવિટી વધશે તેમજ સ્થાનિકો માટે ખેતી, વેપાર અને શિક્ષણ અર્થે અવરજવર વધુ સુગમ બનશે. વિકાસની આ ગતિને આગળ વધારતા, ધારાસભ્યએ તાજેતરમાં રાજુલા શહેરમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત ૮૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતા પાણીના સમ્પનું પણ ભૂમિપૂજન કર્યું હતું. હાલમાં શહેરમાં કુલ ચાર સમ્પનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જેનાથી ભવિષ્યમાં પીવાના પાણીની તંગી નિવારી શકાશે. ધારાસભ્ય સોલંકીએ રાજ્ય સરકારના સહયોગથી રાજુલાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં થઈ રહેલા સતત વિકાસ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## SBI ચલાલા શાખા દ્વારા ઈંગોરાળા ડુંગરી પ્રાથમિક શાળાને કોમ્પ્યુટર સેટ અર્પણ

ચલાલા, તા. ૨૦

સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની ચલાલા શાખા દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે ઈંગોરાળા ડુંગરી પ્રાથમિક શાળાને કોમ્પ્યુટર સેટ ભેટ આપવામાં આવ્યો હતો. આ પહેલથી વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણનો લાભ મળશે. આ કોમ્પ્યુટર સેટ અર્પણ કરવાના



કાર્યક્રમમાં SBI ચલાલા શાખાના મેનેજર ચંદન કુમાર સાહેબ અને તેમનો સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના ચેરમેન બાબભાઈ વાળા પણ હાજર રહ્યા હતા. શાળા પરિવાર તરફથી આચાર્ય, તમામ શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી SBIનો આભાર વ્યક્ત કર્યો હતો. બેંકની આ મદદથી શાળાના વિદ્યાર્થીઓનું શિક્ષણ સ્તર સુધારવામાં સહાય મળશે.

## સાવરકુંડલાની બે શાળાઓમાં વિદ્યાર્થિનીઓએ વિવેકાનંદ ક્વીઝ સ્પર્ધાનું આયોજન કર્યું

અમરેલી, તા.૨૦



સાવરકુંડલાની બે શાળાઓમાં સ્વામી વિવેકાનંદ વિષય અંતર્ગત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ ૯થી ૧૨ની ૫૮ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય ઉષાબેન તેરૈયાએ વિદ્યાર્થિનીઓને અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બહેનોને નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર સહિતનાઓએ અભિનંદન આપ્યા હતા.

## ધારી ખાતે ઓરિએન્ટેશન અને સેન્સિટાઈઝેશન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તાલુકા પંચાયત ધારી મુકામે આશા વર્કર, આંગણવાડી વર્કર, સખી મંડળની બહેનો અને વિવિધ વિભાગના અધિકારીઓ માટે "બેટી બચાવો, બેટી પઢાઓ" યોજના કાર્યક્રમ અંતર્ગત ઓરિએન્ટેશન અને સેન્સિટાઈઝેશન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી, કણઝરીયા દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાની માહિતી આપવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર મકવાણા દ્વારા આરોગ્ય અને પોષણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્ય સેવિકા આઈ. સી.ડી.એસ જશુબહેન ખાચરે વિભાગની કામગીરી વિશે માહિતી આપી હતી. ડી.સી.પી.યુ. સોશિયલ વર્કર ગીતાબેન સોલંકીએ બાળ સુરક્ષા એકમની યોજનાઓ અંગે માહિતી આપી હતી. જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર હસમુખભાઈ રાઠોડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના સેન્ટર એડમિન રત્નાબેન ગૌસ્વામી દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. નારી અદાલતના જિલ્લા કો-ઓર્ડિનેટર , જશુબેન ભંડેરીએ નારી અદાલતની કામગીરી વિશે માહિતી આપી હતી.

## બગસરાના વિદ્યાર્થીએ ચેસ સ્પર્ધામાં જિલ્લામાં તૃતીય સ્થાન મેળવ્યું

બગસરા, તા.૨૦



બગસરામાં આવેલી જ્ઞાનધારા વિદ્યાલયમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શિવ નિલેશભાઈ દેસાણીએ ચેસ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યા બાદ ચેસ સ્પર્ધાનું જિલ્લા કક્ષાએ પણ આયોજન કરવામાં આવતા શિવ દેસાણીએ જિલ્લા કક્ષાએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી જિલ્લામાં તૃતીય ક્રમાંક મેળવ્યો છે. શિવ દેસાણીએ ચેસ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવી જ્ઞાનધારા સ્કૂલ તેમજ દેસાણી પરિવારનું નામ રોશન કર્યું છે.

## ધાતરવડી-૧ સિંચાઈ યોજના : કેનાલ રિપેર કરાવી પાણી છોડવા રજૂઆત

રાજુલા, તા.૨૦

ધાતરવડી-૧ સિંચાઈ યોજનામાં તાજેતરમાં અતિ ભારે વરસાદને કારણે કેનાલો અનેક સ્થળોએ તૂટી જવાથી તેમજ જંગલ કટિંગના કારણે પાણી પ્રવાહમાં અવરોધ ઉભો થયો છે. હાલમાં ખેડૂતોને શિયાળુ પાકના વાવેતર માટે તાત્કાલિક સિંચાઈના પાણીની જરૂરિયાત ઊભી થઈ છે. ખરીફ સિઝનમાં અતિ વરસાદને કારણે પાક સંપૂર્ણ રીતે નિષ્ફળ જતાં ખેડૂતો આર્થિક મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા છે. આ મુદ્દે જૂની માંડરડી સેવા સહકારી મંડળીના પ્રતિનિધિ રમેશભાઈ વસોયા અને ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જીગ્નેશ પટેલ દ્વારા સત્તાવાર રજૂઆત કરવામાં આવી છે. તેમણે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ



સોલંકી, કાર્યપાલક ઈજનેર (ઈરિગેશન) અમરેલી અને કાર્યપાલક ઈજનેર, સિંચાઈ વિભાગ રાજુલા – ત્રણેયને સંયુક્ત રીતે પત્ર લખી તાકીદના પગલા લેવા વિનંતી કરી છે. પત્રમાં માંગ કરવામાં આવી છે કે, કેનાલોના તાત્કાલિક સમારકામ વગર શિયાળુ પાક માટે જરૂરી પાણી સમયસર ઉપલબ્ધ થશે નહીં, તેથી કેનાલની તાત્કાલિક મરામત કરી, શક્ય તેટલી વહેલી તકે કેનાલમાં પાણી છોડીને ખેડૂતોને રાહત આપવામાં આવે. સાથે જ, ચોમાસામાં ખરીફ પાક સંપૂર્ણપણે બરબાદ થઈ ગયો હોવાથી, સિંચાઈ વિભાગ દ્વારા વસૂલાત થતા એડવાન્સ પાણીચાર્જ માફ કરવામાં આવે અને ખેડૂતોની હાલની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈને, શિયાળુ પાક માટે જરૂરી પાણી વિનામૂલ્યે આપવામાં આવે.

**અતિ ભારે વરસાદથી કેનાલો તૂટતા અને જંગલ કટિંગના કારણે પાણી પ્રવાહમાં અવરોધ**

## રાજુલામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦૦ દર્દીઓને નિ:શુલ્ક પોષણ કીટનું વિતરણ કરાયું

રાજુલા, તા.૨૦



રાજુલા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન'ને વેગ આપતા ટીબીના દર્દીઓ માટે નિ:શુલ્ક પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ખાસ હાજરી આપી દર્દીઓને પ્રોટીનસભર કીટ અર્પણ કરી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડો. નિલેશ કલસરીયાના જણાવ્યા અનુસાર, દર્દીઓની ઝડપી રિકવરી માટે આ ન્યુટ્રિશન કીટ ખૂબ ઉપયોગી નીવડશે. આ સેવાકાર્યમાં આરોગ્ય વિભાગના સ્ટાફે સ્વખર્ચે ફાળો આપ્યો હતો.

## બાબરાના ચમારડી ઝાપા વિસ્તારમાં બહેન-દીકરીઓની સુરક્ષા કાજે મિત્ર મંડળ દ્વારા CCTV કેમેરા લગાવાયા

બાબરા, તા.૨૦

બાબરા શહેરના ચમારડીના ઝાપા વિસ્તારમાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી સ્થાનિક મિત્ર મંડળ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. વિસ્તારમાં અસામાજિક તત્વોની પજવણી રોકવા અને ખાસ કરીને બહેન-દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્ય પોઈન્ટ્સ પર CCTV કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. આ સુરક્ષા અભિયાનમાં મિત્ર મંડળને આર્થિક સહયોગ



અને લોકોનો ઉમદા સાથ મળ્યો હતો. આ કાર્યને સફળ બનાવવા માટે સલીમભાઈ અગવાન, મુનાભાઈ મલકાણ, હારુનભાઈ મેતર, આરીફભાઈ ચાવડા, રિજુભાઈ અને સમીરભાઈ સૈયદ તેમજ સેજાદભાઈ ચોટલિયા સહિતના આગેવાનોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. આ ત્રીજી આંખ (CCTV) સક્રિય થવાથી હવે વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે, જે બદલ સ્થાનિક રહીશોએ મિત્ર મંડળની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## બાબરામાં સરદાર પટેલની જન્મજયંતિ અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

**કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓની સાથે પદાધિકારીઓ પણ હાજર રહ્યા**

બાબરા, તા.૨૦

બાબરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે મુખ્ય


તસવીર : વિજય માળી

જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચના મુજબ સરકારી દવાખાને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો હતો. સાથોસાથ બાબરા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ કરકર, યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.








**સુરવો રિવરફ્રન્ટ, GIDC, બીજ પ્રોસેસિંગ યુનિટ, તાલુકા કક્ષાની સરકારી હોસ્પિટલ અને CNG પમ્પ સહિતની મહત્ત્વની સુવિધાઓનો અભાવ**

# એક સમયનું સિંગદાણા ઉદ્યોગનું હબ ગણાતું વડીયા રોજગાર વિહોણું બન્યું

વડીયા, તા.૨૦

અમરેલી જિલ્લાનું છેવાડાનું ગ્રામીણ તાલુકા મથક એવું વડીયા, જે એક સમયે સિંગદાણા ઉદ્યોગ અને સિંગતેલ ઉદ્યોગનું હબ ગણાતું હતું અને આસપાસના વિસ્તારનું મોટું ખરીદીનું સેન્ટર હતું, તે આજે રોજગાર વિહોણું બનીને પ્રાથમિક સુવિધાઓ ઝંખી રહ્યું છે. છેલ્લા ૩૦ વર્ષમાં વડીયામાંથી સિંગદાણા ઉદ્યોગ, સિંગતેલ ઉદ્યોગ, ફિલ્મ થિયેટર, ટ્રેઝરી ઓફિસ અને પીટીસી કોલેજ સહિતની અનેક કચેરીઓ સમયાંતરે રાજકીય કિન્નાખોરીથી અન્ય સ્થળે સ્થળાંતરિત થઈ જતાં ખેતી સિવાય હવે કોઈ રોજગારીનો સ્ત્રોત વધ્યો નથી. હાલમાં વડીયા ગ્રામ પંચાયતથી લઈને સાંસદ સુધી ભાજપ સરકારનું રાજ અસ્તિત્વ ધરાવે છે. આ વિસ્તારના લોકોએ ખોબલે ખોબલે મત આપીને ચૂંટેલા નેતાઓ આજે ફરી વડીયાને ફરી



ધમધમતું કરવા તે આગળ આવે તેવી આશા લોકો રાખી રહ્યા છે. વડીયામાં જરૂરી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે, સાથે જ વિકાસની અનેક તકો રહેલી છે, જેમાં વડીયાની મધ્યમાંથી પસાર થતી સુરવો નદી પર રિવરફ્રન્ટ, GIDC, બીજ પ્રોસેસિંગ યુનિટ, કંપની CNG પમ્પ, તાલુકા કક્ષાની સરકારી હોસ્પિટલ, વિશ્રામગૃહ, તાલુકા કક્ષાની પશુ હોસ્પિટલ જેવી અનેક સુવિધાઓની હાલ તાતી જરૂરિયાત છે. સ્થાનિક લોકોએ ખોબલે ખોબલે આપેલા મતનું વળતર લોકોને મળી શકે તે માટે ચૂંટાયેલા પદાધિકારીઓ વડીયાની સુવિધાઓનો વિકાસ કરે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. ઉદ્યોગોના વિકાસ સાથે નવી રોજગારીની તકો ઊભી થતાં શહેર તરફનું સ્થળાંતર અટકાવી શકાય અને વડીયાને ભાંગતું બચાવી શકાય. હાલત તો ધંધા-રોજગાર માટે અનેક લોકો અન્ય શહેરોમાં સ્થાયી થઈ રહ્યાં છે.

### ‘ઔદ્યોગિક હબ’થી ‘રોજગાર વિહોણા’ ગામ સુધીની અધોગતિ?

અમરેલી જિલ્લાનું વડીયા ગામ, જે એક સમયે સિંગદાણા અને તેલ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર ગણાતું હતું, તે આજે વહીવટી ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે. ત્રણ દાયકા પહેલાં ધમધમતા ઉદ્યોગો, થિયેટર અને સરકારી કચેરીઓ ધરાવતું આ ગામ આજે પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યું છે. વર્તમાન સમયમાં ગ્રામ પંચાયતથી લઈને સંસદ સુધી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે સ્થાનિક લોકોમાં પ્રબળ માંગ ઉઠી છે કે, સુરવો નદી પર રિવરફ્રન્ટ, જી.આઈ.ડી.સી., અમરનગર રોડ પર બીજ પ્રોસેસિંગ યુનિટ, તાલુકા કક્ષાની સરકારી અને પશુ હોસ્પિટલ, વિશ્રામ ગૃહ તથા સીએનજી પંપ જેવી પાયાની સુવિધાઓ સત્વરે ઊભી કરવામાં આવે. ‘મોસાળે જમણવાર અને મા પીરસનારી’ જેવો ઘાટ હોવા છતાં વડીયાની ઉપેક્ષા કેમ થઈ રહી છે, તેવો સવાલ આજે પ્રજા પૂછી રહી છે.

# ‘લાલો કૃષ્ણ સદા સહાયતે’ ફિલ્મની ટીમે વજુભાઈ ગોલની દાદાની વાડીમાં મહેમાનગતિ માણી

અમરેલી, તા.૨૦

ગુજરાતી ફિલ્મ જગતમાં સર્વત્ર ચર્ચામાં રહેલી અને બોક્સ ઓફિસ પર હિટ સાબિત થયેલી ફિલ્મ ‘લાલો કૃષ્ણ સદા સહાયતે’ના કલાકારો લાઠી રોડ પર આવેલ વજુભાઈ ગોલની દાદાની વાડીમાં મહેમાનગતિ માણવા માટે પધારેલ હતા. ફિલ્મના હીરો કિરણ જોષી, ભગવાન શ્રીકૃષ્ણના પાત્રમાં



અભિનય કરનાર શ્રુહદ ગૌસ્વામી, દિગ્દર્શક અંકિત સખીયા તેમજ ફિલ્મના અન્ય કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. વાડીમાં તેમના આગમન વખતે પટેલ મંડપ સર્વિસ પરિવાર તરફથી વજુભાઈ ગોલ, જયવંતભાઈ ફીણાવા, ધવલભાઈ ગોલ, અલ્પેશભાઈ જાવીયા, પિયુષભાઈ હિરપરા, રોનકભાઈ ગોલ, તુલસીબેન ગોલ વગેરે દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાતથી સ્થાનિકો અને ચાહકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. દરેક કલાકારોએ વાડીની સાદગી અને સ્નેહભરી મહેમાનગતિ માણીને રાત્રી રોકાણ સાથે મીઠી યાદો અહીં છોડી ગયા હતા.

**બાબરાના પાનસડા ગામનો બનાવ**

# ‘આ દિવાલ આપણી સહિયારી છે’ કહેતા ગાળો બોલી ધમકી આપી

બાબરા, તા.૨૦

બાબરાના પાનસડા ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. એક પુરુષે ‘અહીંયા આ દિવાલ આપણી સહિયારી છે’ કહેતા તેમને ગાળો બોલી ધમકી આપી હતી. બનાવ અંગે ભરતભાઈ વાઘજીભાઈ જોટંગીયા (ઉ.વ.૬૦)એ લાલજીભાઈ ભીખાભાઈ ઢોલરીયા (ઉ.વ.૩૮) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે તેના ગામમાં આવેલા બીજા ઘરે તેનું મોટરસાઈકલ ડેલી બહાર કાઢીને મુક્યું હતું. આ દરમિયાન તેની બાજુમાં રહેતાં આરોપીએ તેને કહેલ કે ‘તું અહીંયા ગાડી મુકતો નહી’ જેથી તેમણે આરોપીને કહેલ કે ‘આ દિવાલ આપણી સહિયારી છે’ તેવું કહેતાં આરોપીને સારૂ નહી લાગતાં ઉશ્કેરાઈ જઈ અશ્લિલ ગાળો હતી. તેમજ તેના માથાના ભાગે લોખંડના પાઈપનો ઘા મારીને માથામાં ૫-ટાંકાની ઈજા કરી હતી. સાહેદ નીલમબેન વચ્ચે આવતાં આરોપીએ તેને પણ માથાના ભાગે પાઈપ મારી હતી. તેમજ તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ ગોબરભાઈ રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# વડીયા ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા ‘આત્મનિર્ભર ભારત’ અંતર્ગત બે દિવસીય મલ્ટીમીડિયા પ્રદર્શનનો પ્રારંભ

વડીયા,તા.૨૦

વડીયા ખાતે સુરગવાળા હાઈસ્કૂલ અને સરકારી આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસમાં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત બે દિવસીય મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન હાથ ધરાયું છે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરાના



હસ્તે વડીયા ગ્રામ પંચાયતના સરપંચ મનીષભાઈ ઢોલરીયા, તાલુકાના પદાધિકારીઓ અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પ્રમુખ પરસોત્તમભાઈએ આ આયોજનને બિરદાવતા કહ્યું હતું કે, દેશના છેવાડાના માનવી સુધી સરકારની જન કલ્યાણકારી યોજનાઓની માહિતી પહોંચે તે ખરેખર સરાહનીય બાબત છે. તેમણે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી અને સ્વદેશીને પ્રાથમિકતા આપવી એ જ આત્મનિર્ભરતા તરફનું પહેલું પગલું હોવાનું જણાવ્યું હતું. કેન્દ્રીય સંચાર બ્યુરો, જૂનાગઢનાં અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં ડિજિટલ આકર્ષણો, સ્પર્ધાઓ, સરકારી યોજનાઓની જાણકારી આપતા વિવિધ વિભાગોનાં સ્ટોલ્સ, યોજનાકિય જાણકારી આપતું સાહિત્ય અને નાટ્ય પ્રસ્તુતિ દ્વારા એક જ સ્થળેથી સરકારની વિભિન્ન યોજનાઓ અને અભિયાન અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ઉદ્‌ઘાટન સમારોહમાં વડીયા-કુંકાવાવ પત્રકાર એકતા પરિષદના પ્રમુખ ભીખુભાઈ વોરા, સીડીપીઓ ડિમ્પલબેન સાપરિયા, મેડિકલ ઓફિસર ડો.તૃપ્તિબેન સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં નવનિર્મિત નગરપાલિકા કચેરીનું આવતીકાલે મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ થશે

બાબરા, તા.૨૦

બાબરા શહેરની નવી નગરપાલિકા સેવા સદન કચેરીનું લોકાર્પણનું આગામી તારીખ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩ વાગ્યે આયોજન કરવામાં આવ્યું છે. બાબરામાં બેંક ચોક ખાતે જૂની નગરપાલિકા કચેરી હતી હવે કે.પી. ગર્લ્સ હાઈસ્કૂલની બાજુમાં નવી અને ભવ્ય નગરપાલિકા કચેરી બનાવવામાં આવી છે. આ નવી કચેરીનું લોકાર્પણ અમરેલીના યુવા ધારાસભ્ય અને ગુજરાત સરકારના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવશે. નવી નગરપાલિકા કચેરીના લોકાર્પણ સાથે આ દિવસે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નવનિર્મિત નગરપાલિકા કચેરીનું લોકાર્પણ, મંત્રી કૌશિકભાઈ વેકરીયાનો સન્માન સમારંભ અને શહેર ભાજપ દ્વારા નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન સમારોહ યોજાશે. આ ત્રિવિધ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, બાબરા-લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત જિલ્લા ભાજપના હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહેશે.






# ગજેરા કેમ્પસ વિદ્યાસભાના કરાટે ખેલાડીઓએ રાજ્ય કક્ષાની ચેમ્પિયનશિપમાં ૧૩ પદક જીતી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું

અમરેલી,તા.૨૦

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના કરાટે ખેલાડીઓએ ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની કરાટે ચેમ્પિયનશિપ-૨૦૨૫ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. જે તારીખ ૧૨-૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાવરકુંડલા મુકામે યોજાઈ હતી.



ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત થયેલા પદકોમાં કુલ ૧૯ મેડલનો સમાવેશ થાય છે, જેમાં ૪ સુવર્ણ પદક, ૫ રજત પદક અને ૧૦ કાંસ્ય પદક મેળવેલા છે. સુવર્ણ પદક મેળવનાર વિદ્યાર્થીઓમાં ચૌહાણ શ્રેયા, સોલંકી વંદના, ખાંભલા સોહિલ અને ધાધલ મંદીપનો સમાવેશ થાય છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ કરાટે ખેલાડીઓ તેમજ કોચ વિકુશભાઈ ભેડાને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.






## CHANGE OF NAME

I Undersing I VYAS VIPULKUMAR NAVNITRAY have changed my name from VYAS VIPULKUMAR NAVNITKUMAR To VYAS VIPULKUMAR NAVNITRAY (New) Now i will be known as VYAS VIPULKUMAR NAVNITRAY (new)
Sing : VYAS VIPULKUMAR NAVNITRAY
Address: MADHUVAN PARK ST NO-1,NR BRAHMIN SOC LATHI ROAD, ,DIS-AMRELI-365601 GUJARAT

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૬૦/૨૦૨૫

અરજદાર : શ્રી કવાડ રાણાભાઈ ઝંડુરભાઈ
સરનામુ : મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી કવાડ રાણાભાઈ ઝંડુરભાઈ** એ તેમના **પિતા નામે શ્રી ઝંડુરભાઈ ભગવાનભાઈ કવાડ નું મરણ** તા.૧૦/૦૬/૧૯૮૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૬૧/૨૦૨૫

અરજદાર : શ્રી કવાડ રાણાભાઈ ઝંડુરભાઈ
સરનામુ : મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી કવાડ રાણાભાઈ ઝંડુરભાઈ** એ તેમના **માતા નામે શ્રી લક્ષ્મીબેન ઝંડુરભાઈ કવાડ નુ મરણ** તા.૦૧/૦૫/૨૦૦૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૬૨/૨૦૨૫

અરજદાર : શ્રી કવાડ કાનજીભાઈ રણછોડભાઈ
સરનામુ : મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી કવાડ કાનજીભાઈ રણછોડભાઈ** એ તેમના **પિતા નામે શ્રી રણછોડભાઈ ઝંડુરભાઈ કવાડ નું મરણ** તા.૨૬/૦૨/૨૦૧૬ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૬૩/૨૦૨૫

અરજદાર : શ્રી કવાડ કાનજીભાઈ રણછોડભાઈ
સરનામુ : મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી કવાડ કાનજીભાઈ રણછોડભાઈ** એ તેમના **માતા નામે શ્રી હીરુબેન રણછોડભાઈ કવાડ નું મરણ** તા.૧૫/૦૨/૨૦૦૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# BLO એપમાં સતત એરર : SIRની કામગીરીમાં લાલીયાવાડીનો ભોગ શિક્ષકો-આંગણવાડી બહેનો!

સાવરકુંડલા, તા. ૨૦

હાલમાં ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં મતદાર યાદી સુધારણાની SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની કામગીરી ચાલી રહી છે, જેમાં BLO (બૂથ લેવલ ઓફિસર) તરીકે શિક્ષકો અને આંગણવાડીની બહેનો ફરજ બજાવી રહ્યા છે. જોકે, આ કામગીરી માટે ઉપયોગમાં લેવાતી BLO એપમાં સતત એરર અને ટેકનિકલ ખામીઓના કારણે કર્મચારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને કામગીરીમાં "લાલીયાવાડી" જેવી સ્થિતિ સર્જાઈ છે. BLO કર્મચારીઓ સવારથી મોડી રાત સુધી ફોર્મ વિતરણ, ગણતરી અને અપલોડિંગનું કામ ખંતપૂર્વક કરી રહ્યા છે, પરંતુ BLO એપમાં સતત એરર આવે છે, વારંવાર લોગઆઉટ થઈ જવાય છે, અને ફોર્મ-ફોટો અપલોડ કરતી વખતે માત્ર ગોળ ચકરડાં જ ફર્યા કરે છે. આ ખામીને કારણે કર્મચારીઓનો ઘણો સમય વ્યય થાય છે. વળી, શિક્ષકો અને આંગણવાડી બહેનોને આ કામગીરી બાળકોના શિક્ષણના ભોગે કરવી પડે છે, જેના કારણે શાળાઓ અને આંગણવાડીઓમાં બાળકોને પૂરતું શિક્ષણ મળતું નથી. ખાસ કરીને મહિલા BLOને રાત્રે ૧૨ વાગ્યા સુધી ફોન કરીને કામગીરીનો નિશ્ચિત ટાર્ગેટ પૂરો કરવા માટે દબાણ કરવામાં આવે છે, જેના કારણે તેઓ માનસિક અને શારીરિક રીતે ખૂબ જ ત્રાસ અનુભવી રહી છે. મહિલા BLOની સ્થિતિ એવી છે કે તેઓ પરિવાર કે પોતાના બાળકોને સમય આપી શકતી નથી. વિસ્તારમાં ફરીને ફોર્મ કલેક્ટ કરવાનું કામ કરે છે, પરંતુ જ્યારે અપલોડ કરવા બેસે છે, ત્યારે એપ ચાલતી નથી. કર્મચારીઓ એપના સ્ક્રીનશોટ મોકલવા છતાં ઉપરી અધિકારીઓ એપનો પ્રશ્ન સ્વીકારવા તૈયાર નથી. કર્મચારીઓએ જણાવ્યું કે ખરાબ સર્વર અને એપના કારણે કોઈ કામ થઈ શકતું નથી અને દબાણના કારણે તેઓ મુશ્કેલીમાં મુકાયા છે.

# સાવરકુંડલા યાર્ડમાં મગફળી ખરીદ કેન્દ્રનું મનીષ સંઘાણીએ નિરીક્ષણ કર્યું

સાવરકુંડલા,તા.૨૦



ભારત સરકારની P.S.S. યોજના અન્વયે ગુજકોમાસોલને નોડલ એજન્સી તરીકે કામગીરી સોંપેલ છે. ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શનમાં સાવરકુંડલા એ.પી.એમ.સી.માં ટેકાના ભાવે ખરીદીની લોકલ એજન્સી તરીકે તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહ. મંડળી (FPO)ને કામગીરી સોંપાઇ છે. તા.૦૯/૧૧/૨૦૨૫થી અહીં ટેકાના ભાવથી મગફળી ખરીદી થઇ રહી છે. જેની મુલાકાત આજે મનીષભાઈ સંઘાણી- પ્રમુખ અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહ. મંડળી (FPO) અને જિલ્લા સહકારી સંઘ તથા દિપકભાઇ માલાણી- ચેરમેન સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ અને વા.ચેરમેન અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા લેવામાં આવી હતી. બંને મહાનુભાવોએ મગફળી વેચવા આવેલ ખેડૂતો સાથે ચર્ચા કરી કામગીરીનું નિરીક્ષણ કરેલ. ગુજકોમાસોલના અધિકારી રાજાભાઇ બારડ, ડેનીસભાઇ રામાણી, સંસ્થાના પ્રતિનિધિ ભાવેશભાઇ સંઘાણી, રાજુભાઇ માલાણી, સતીષભાઇ મહેતા અને સ્ટાફગણ, મજૂરભાઈઓ ઉપસ્થિત રહેલ.

## સાવરકુંડલામાં જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ રીતે મટનની લારી રાખવા બદલ બે શખ્સ સામે ગુનો

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા શહેરમાં જાહેર રસ્તા પર ટ્રાફિકની સમસ્યા ઊભી થાય અને રાહદારીઓ તથા વાહનચાલકો માટે જોખમરૂપ બને તે રીતે મટન(માંસ)ની લારી રાખીને કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ બે શખ્સ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, સાવરકુંડલામાં આરોપીએ પોતાના કબજા હેઠળની મટનની લારી જાહેર રોડ-રસ્તા પર એવી રીતે રાખી હતી કે જેનાથી વાહનોની અવરજવર અને લોકોને ચાલવામાં ભારે અડચણ ઊભી થતી હતી. વળી, આ લારી જોખમરૂપ સ્થિતિમાં હોવાથી અકસ્માત થવાની સંભાવના પણ હતી. પોલીસે ટ્રાફિકને અડચણરૂપ અને જોખમરૂપ રીતે લારી રાખીને જાહેર માર્ગના નિયમોનો ભંગ કરવા બદલ બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી..

# જીસીઈઆરટી અને ડાયટ ગુજરાતના અધ્યાપકોના નવા સંગઠનની રચના

અમરેલી,તા.૨૦



ગાંધીનગરમાં જીસીઈઆરટીના અધ્યાપકો તેમજ ડાયટના ગુજરાતના અધ્યાપકોનું એક સ્નેહમિલન યોજાયું હતું, જેમાં સંઘના સંગઠનની રચવામાં આવેલ. જેમાં જીસીઆરટીના રીડર ડો. વિજયભાઈ પટેલ, રિસર્ચ એસોસિએટ, ડાયટના પ્રાચાર્યો અને મોટી સંખ્યામાં અધ્યાપક હાજર રહ્યા હતા. આ સંમેલનમાં શાળા ગુણવત્તામાં સુધારણાના ભાગરૂપે અધ્યાપકોની ભૂમિકા, અધ્યાપકોના વહીવટી પડતર પ્રશ્નો જેવા કે સેવા જોડાણ, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ પ્રમોશન અને અન્ય પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. ડો. વિજયભાઈ પટેલ દ્વારા આ તમામ પ્રશ્નો અંગે જીસીઈઆરટી દ્વારા થઈ રહેલા પ્રયાસો અને શિક્ષણ વિભાગમાં તેની હાલની સ્થિતિ વિશે વિગતવાર છણાવટ કરવામાં આવેલ હતી. તેમજ જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવેલ હતું. આ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ ગુણવત્તા સુધારણાના સતત પ્રયાસ માટે જીસીઈઆરટી ડાયટ કર્મચારી સંઘની રચવામાં આવેલ હતી.

## બાબરા માર્કેટ યાર્ડમાં કપાસની ગાડી પરથી પડી જતાં શ્રમિકનું મૃત્યુ

બાબરા, તા. ૨૦

બાબરા માર્કેટ યાર્ડમાં કપાસની ગાડી પર કામ કરતી વખતે એક શ્રમિકનું કરૂણ મૃત્યુ થયું હોવાનો બનાવ સામે આવ્યો હતો. હિંમતભાઈ કાનાભાઈ કાલરીયા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, બાબરા માર્કેટ યાર્ડમાં કપાસ ભરેલી ગાડી ખાલી કરવાની કે કપાસને વ્યવસ્થિત ગોઠવવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન કાનાભાઈ નાનજીભાઈ કાલરીયા (ઉ.વ.૭૦) ગાડી પર ચઢીને કપાસને કચરવાની (દબાવવાની) કામગીરી કરી રહ્યા હતા. કામ કરતી વખતે અકસ્માતે તેમનો પગ લપસી જતાં તેઓ કપાસની ગાડી ઉપરથી નીચે પટકાયા હતા, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું દુઃખદ અવસાન થયું હતું. બનાવના પગલે માર્કેટ યાર્ડમાં કામ કરતા શ્રમિકોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# બાબરાના નાની કુંડળ ગામે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું

બાબરા, તા.૨૦

બાબરા તાલુકાના નાની કુંડળ ગામે દિવસ દરમિયાન બંધ રહેલા એક મકાનને નિશાન બનાવીને અજાણ્યા તસ્કરોએ તાળાં તોડીને રૂ.૫ લાખથી વધુની કિંમતના સોનાના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે જેસાભાઈ કલાભાઈ કટારીયા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, તેઓ અને તેમના પત્ની ખેતર વાડીએ ગયા હતા. આ દરમિયાન દિવસના આશરે ૧ વાગ્યાથી ૪ વાગ્યાની વચ્ચે ઘરના સભ્યો બહાર ગયા હોવાની તકનો લાભ લઈને કોઈ અજાણ્યો ચોર ઈસમ ફરિયાદીના ઘરમાં ઘૂસી ગયો હતો. ચોરે ઘરના મુખ્ય દરવાજાના તાળાં અને નકૂચા તોડીને ચોરી કરવાના ઈરાદે ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં પ્રવેશ્યા બાદ, ચોરે કબાટના દરવાજા ખોલ્યા અને અંદર રહેલા લોકરના લોક તોડી નાખ્યા હતા. સોનાનો હાર અને એક જોડી મોટી બુટ્ટી, બે સોનાની વીંટી તથા રોકડા ૧.૫૦ લાખ મળી કુલ ૫,૦૮,૭૪૭ની કિંમતના મુદ્દામાલની ચોરી કરી હતી અને ફરાર થઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશના પીએસઆઈ બી.ડી. દેવુજા વધુ તપાસ કરી રહ્યા છે.

**રૂ. ૫ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર**

# કાંકચ ગામે ફોનમાં બોલાચાલીની દાઝ રાખી બે શખ્સોએ પાઈપથી યુવકને માર માર્યો

અમરેલી, તા.૨૦

કાંકચ ગામે એક યુવકને જૂની બોલાચાલીની દાઝ રાખીને બે શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આરોપીઓએ સફેદ કલરની ફોર-વ્હીલ ગાડીમાં આવીને યુવકને દુકાન પાસેથી ખેંચી લીધો હતો અને પાઈપ વડે ઢોરમાર માર્યો હતો. આ હુમલામાં યુવકને પગ અને હાથમાં ગંભીર ફ્રેક્ચર થયું હતું. બનાવ અંગે અમરેલીમાં રહેતા ગૌતમભાઈ હનુભાઈ વાળાએ દેવકુભાઈ ભગુભાઈ વાળા, લઘુવીર ગીડા તથા નાગરાજભાઈ રણજીતભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ કાંકચ ગામે પોતાની નોકરી પર હાજર હતા. આ બનાવ બન્યાના આશરે ચારેક દિવસ પહેલા આરોપી દેવકુભાઈ વાળાએ ફોન કરીને કોઈ કારણ વગર ગાળો આપી હતી. આ બાબતે ફરિયાદી અને આરોપી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીની દાઝ રાખીને તેમના પર હુમલો કરવાનો પ્લાન બનાવ્યો હતો. જ્યારે તેઓ કાંકચ ગામે પોતાની ચાલુ નોકરીએથી અમરેલી રોડ પર આવેલી ગાયત્રી પાનની દુકાને પાન-માવો ખાવા ગયો, ત્યારે આરોપીઓ સફેદ કલરની ફોર-વ્હીલ ગાડી લઈને ત્યાં આવી પહોંચ્યા હતા. તેમને દુકાનના ઓટલા પરથી નીચે ખેંચી લીધો અને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્રણેય આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે શરીર પર અને ખાસ કરીને છાતીના ભાગે પાઈપના જીવલેણ ઘા માર્યા હતા. હુમલા બાદ ત્રણેય આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: એકમ
તા.૨૧-૧૧-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૫૬,
સૂર્યાસ્ત-૦૫:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૨૧-૧૧-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઇ શકે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઇ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# મોટા લીલીયા ખાતે ૭૨મા સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનાર યોજાયો

મોટા લીલીયા,તા.૨૦



ભારતીય રાષ્ટ્રીય સંઘના દિશા નિર્દેશો અનુસાર અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લામાં તા.૧૪/૧૧થી ૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાલનાર ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત જિલ્લા સહકારી સંઘ અને શ્રી લીલીયા ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં મોટા લીલીયા ખાતે તા.૧૭/૧૧/ના રોજ 'ભારતની સહકારી પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય સહકારી નીતિ આર્થિક અને માળખાગત રોડમેપ બની રહેશે' વિષય વસ્તુ પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.ના ઉપાધ્યક્ષ અરુણભાઈ પટેલ, સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, યુવા સમિતિના ડાયરેક્ટર રાજભાઈ જાની, રવિભાઈ પંડ્યા, સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી, સહકારી અગ્રણીઓ અને સભાસદો હાજર રહ્યા હતા.

## જાફરાબાદમાં 'શું કામ મારી સામે જો છો' કહી વેપારીને મારી નાખવાની ધમકી

જાફરાબાદ, તા.૨૦

જાફરાબાદમાં એક વેપારીને 'તું શું કામ મારી સામે જો છો' કહી મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી પણ આપી હતી. બનાવ અંગે રાજભાઈ પ્રકાશભાઈ બાંભણીયા (ઉ.વ.૨૦)એ પ્રકાશ ઉર્ફે ભુરો, અવીનાશ ઉર્ફે અવો, ભાવીન, મીલન તથા ગોપાલ નામના ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ રોડ ઉપર પસાર થતા હતા ત્યારે આરોપીએ 'તું શું કામ મારી સામે જો છો' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા પાઈપનો ઘા મારતા લોહી નીકળ્યું હતું. અન્ય આરોપીએ હાથમાં પહેરવાનું કડુ જમણી આંખ ઉપર મારતા બે ટાંકા આવ્યા હતા. ઉપરાંત આરોપીઓએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૩૬/૨૦૨૫** **તા.૦૧/૧૧/૨૦૨૫**

વિવાદી :- શ્રી સતારભાઈ વલીભાઈ સૈયદ
ઠે.ચાંવડ, તા.લાઠી જી.અમરેલી હાલ ગારીયાધાર મો.૯૯૯૮૨ ૧૦૪૨૩
અરજદારશ્રીના વિ.વ.શ્રી એસ. એસ. આમીર-એડવોકેટ, લાઠી, મો.૯૮૯૮૪ ૧૪૭૪૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ચાંવડ, તા.લાઠી, જિ.અમરેલી

**નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ચાવંડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો જન્મ તા.૦૩/૧૨/૧૯૫૭ ના રોજ ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૯૯/૨૦૨૫

અરજદાર :- શ્રી રાજુભાઇ પરશોતમભાઈ દેસાઇ
રહે. જશવંતગઢ, તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. જશવંતગઢ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જશવંતગઢ ગામમાં અરજદારશ્રી રાજુભાઇ પરશોતમભાઈ દેસાઈએ તેઓની પોતાની જન્મ (૦૧/૦૧/૧૯૮૦)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૮૮/૨૦૨૫

અરજદાર :- શંભુભાઈ વાલજીભાઈ હુંમર
રહે. મોટા આંકડિયા, તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા ગોખરવાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામમાં અરજદારશ્રી શંભુભાઈ વાલજીભાઈ હૂંમર તેઓના પુત્ર અલ્પેશકુમાર શંભુભાઈ હુંમર ની જન્મ(તા.૦૧/૦૬/૧૯૮૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**તંત્રી લેખ**

# નવા નિયમથી દેશના લાખો વાહન માલિકોની ઊંઘ હરામ

હમણાં જ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સમાં જે પાંચમો સુધારો કરવામાં આવ્યો છે, તેણે દેશના લાખો વાહન માલિકોની ઊંઘ હરામ કરી દીધી છે. સરકારનો ઈરાદો સ્પષ્ટ છે: પ્રદૂષણ ઘટાડવું અને માર્ગોને સુરક્ષિત બનાવવા. આ ઈરાદો ખરેખર સરાહનીય છે પરંતુ, જ્યારે આ નીતિનું વિશ્લેષણ કરીએ છીએ, ત્યારે એક મોટો સવાલ મનમાં ઊભો થાય છે કે શું આ પગલું પર્યાવરણની દૃષ્ટિએ જેટલું આવશ્યક છે, તેટલું જ આર્થિક રીતે ન્યાયપૂર્ણ પણ છે ખરું? આપણે જાણીએ છીએ કે આપણા રસ્તાઓ પર ૧૫ વર્ષથી વધુ જૂના વાહનોની સંખ્યા કેટલી મોટી છે. આ વાહનો માત્ર અવાજ કે ધુમાડો જ નથી ઓકતાં, પણ તેની જૂની અને નબળી મિકેનિકલ પ્રણાલીઓને કારણે અકસ્માતોનું જોખમ પણ વધારતાં હતા. વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (WHO)ના આંકડાઓ પણ કહે છે કે વાહન પ્રદૂષણ ભારતના શહેરોમાં શ્વસન રોગોનું એક મુખ્ય કારણ બની ગયું છે. આ પરિસ્થિતિમાં, સરકારે સમયની જરૂરિયાતને સમજીને માત્ર ૧૫ નહીં, પણ ૧૦ વર્ષથી વધુ જૂના વાહનોને પણ નિયમિત 'તબીબી પરીક્ષણ' એટલે કે ફિટનેસ ટેસ્ટ હેઠળ લાવવાનો નિર્ણય લીધો, જે એક પ્રગતિશીલ પગલું ગણાય. આનાથી એક સકારાત્મક દબાણ ઊભું થશે કે નાગરિકો પોતાના વાહનોને નિયમિતપણે અપગ્રેડ અને મેઈન્ટેન કરે.પરંતુ વાત માત્ર નિયમની નથી, વાત છે તેના અમલની કિંમતની. સરકારે ફિટનેસ ટેસ્ટ અને રિન્યુઅલ ફીમાં લગભગ ૧૦ ગણો ધરખમ વધારો ઝીંક્યો છે, અને તે પણ તાત્કાલિક અસરથી. જરા આ આંકડાઓ પર નજર કરીએ. જ્યાં ૨૦ વર્ષથી વધુ જૂના ટ્રક કે બસ માટે અગાઉ માત્ર રૂ. ૨,૫૦૦ ફી હતી, ત્યાં હવે સીધો રૂ. ૨૫,૦૦૦ સુધીનો ખર્ચ કરવો પડશે. મધ્યમ કદના કોમર્શિયલ વાહનો માટે રૂ. ૧,૮૦૦ ની જગ્યાએ રૂ. ૨૦,૦૦૦ ચૂકવવા પડશે. આ જ અસર ખાનગી કાર માલિકો પર પણ પડી છે, જેમણે ૨૦ વર્ષથી જૂની કારના રિન્યુઅલ માટે હવે રૂ. ૧૫,૦૦૦ ચૂકવવા પડશે. ઓટો રિક્ષા જેવા ત્રણ પૈડાંવાળા વાહનો માટે રૂ. ૭,૦૦૦ અને જૂના સ્કૂટર માટે રૂ. ૨,૦૦૦ ની ફી નાના માણસને મોટો આર્થિક આંચકો આપનારી છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે ભારતમાં પરિવહન વ્યવસાયનો મોટો હિસ્સો નાના ઓપરેટરો અને સ્વ-રોજગાર પર નિર્ભર લોકો દ્વારા ચાલે છે. રિક્ષાચાલકો, નાના વેપારીઓ અને ટ્રક ઓપરેટરો, ખાસ કરીને ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં, જૂના વાહનોને જ પોતાની રોજીરોટીનું સાધન માને છે. એક જ ઝટકામાં આ ફીમાં ૧૦ ગણો વધારો કરી દેવાથી તેમના માસિક બજેટ પર સીધો અને ગંભીર બોજ પડશે. પર્યાવરણનું રક્ષણ કરવું એ રાષ્ટ્રીય કર્તવ્ય છે, પણ શું તે કર્તવ્યનો બોજ માત્ર સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો પર જ આવવો જોઈએ? સરકારનો આ નિયમ યોગ્ય દિશામાં લેવાયેલું પગલું છે, તેમાં કોઈ શંકા નથી, કેમ કે તે આપણને નવા વાહનોની ખરીદી અને ટેક્નોલોજીના અપગ્રેડ તરફ પ્રોત્સાહિત કરે છે. પરંતુ આ નીતિની સફળતા માત્ર નિયમો ઘડવાથી નહીં, પણ તેના વ્યવહારિક અમલથી નક્કી થશે. જો સરકાર ખરેખર પ્રદૂષણ ઘટાડવા માંગતી હોય અને માર્ગો પર સલામતી ઈચ્છતી હોય, તો તેણે આર્થિક સંવેદનશીલતા પણ દાખવવી પડશે. સરકારે તાત્કાલિક ધોરણે સહાયકારી યોજનાઓ, જેમ કે અસરકારક સ્ક્રેપેજ સ્કીમ, નાના વાહન વ્યવસાયકારો માટે લોન રાહત અથવા નવી ટેક્નોલોજી (ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો) તરફ વળવા માટે સબસિડી ઉપલબ્ધ કરાવવી ફરજિયાત બની રહેશે.

# સૌરાષ્ટ્રની મોટી નદીઓનું શુદ્ધિકરણ કરવા સરકાર કમર કસી રહી છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી ભાદર છે. અસલ નામ ભદ્રશીલા નદી જેનો પુરાણોમાં ઉલ્લેખ છે. આ નદી એક સમયે એકદમ પવિત્ર હતી આજે તે સૌથી વધુ પ્રદૂષિત નદી છે. આ નદીને પ્રદૂષણ મુક્ત કરવા હવે સરકારે કમર કસી છે. આ માટે ભૂગર્ભ ગટર નેટવર્ક ઝડપથી પૂર્ણ કરવા અને ઔદ્યોગિક પ્રવાહી નદીમાં ન ભળે તે જોવા તાકીદ કરવામાં આવી છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ - (NGT) એ રાજ્યના સંબંધિત અધિકારીઓને ભાદર નદીમાં, ખાસ કરીને જેતપુર-નવાગઢ વિસ્તારમાં ફેલાતા પ્રદૂષણ પર તાત્કાલિક નિયંત્રણ મેળવવા અને તેને અટકાવવા માટે સખત નિર્દેશ આપ્યો છે. ભૂતકાળમાં, આ વિસ્તારમાં શુદ્ધ ન કરાયેલું સુએજ અને ઔદ્યોગિક પ્રવાહી નદીના પાણીને દૂષિત કરતું હોવાનું માલુમ પડયું હતું. જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ અને ડો. એ. સેન્થિલ વેલની એનજીટીની મુખ્ય ખંડપીઠે આ આદેશ ૨૦૧૮માં રામદેવભાઈ સંજવા દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) ને ગુજરાત હાઈકોર્ટમાંથી એનજીટીમાં ટ્રાન્સફર કર્યા બાદ આપ્યો હતો. કેસની કાર્યવાહી દરમિયાન, સંયુક્ત સમિતિના નિરીક્ષણમાં આઘાતજનક વિગતો સામે આવી હતી. તેમાં બહાર આવ્યું કે જે વિસ્તારો જેતપુર-નવાગઢની ભૂગર્ભ ગટર વ્યવસ્થા સાથે જોડાયેલા નથી, તેનું ઘરેલું ગંદુ પાણી સીધું જ નદી તરફ જતા નાળાઓમાં વહી રહ્યું છે. જોકે, તાજેતરમાં થયેલા નિરીક્ષણમાં રાહતરૂપ વિગત એ પણ મળી કે જેતપુરના ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગોમાંથી ઔદ્યોગિક કચરો હાલમાં નદીમાં પ્રવેશી રહ્યો નથી, જે સંકેત આપે છે કે વર્તમાન પ્રદૂષણનો મુખ્ય સ્રોત ગેરકાયદેસર ઘરેલું ગંદા પાણીનો નિકાલ છે. નિરીક્ષણ મુજબ, જેતપુરનું ૭૦% ડ્રેનેજ નેટવર્ક ભૂગર્ભમાં છે, જ્યારે બાકીનું ૩૦% કામ ચાલી રહ્યું છે અને તે ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની સમયમર્યાદા આપવામાં આવેલી છે. આ ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ટ્રિબ્યુનલે પાલિકાને ૨૦૨૪ના સોગંદનામામાં જણાવેલ સમયરેખા મુજબ બાકી રહેલું ભૂગર્ભ ગટર નેટવર્ક ઝડપથી પૂર્ણ કરવા અને તમામ ઘરોને ગટર વ્યવસ્થા સાથે સંપૂર્ણ જોડાણ મળે તેની ખાતરી કરવા માટે સખત સૂચના આપી છે. વધુમાં, નાગરિક સંસ્થાએ એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે કોઈપણ પ્રકારનું શુદ્ધ ન કરાયેલું ગંદુ પાણી અથવા ઔદ્યોગિક પ્રવાહી ભાદર નદી તરફ દોરી જતી સ્ટોર્મ વોટર ડ્રેઈનમાં પ્રવેશ ન કરે. દિશાનિર્દેશોનું કડક પાલન કરવા માટે પણ આદેશ આપ્યો છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ને જેડીપીએ અને ભાટ ગામ ખાતેના બંને સામાન્ય પ્રદૂષણ શુદ્ધિકરણ પ્લાન્ટ (CETPs) ને તેમના નિયમોનું સખતપણે પાલન કરાવવા અને ભાદર નદી અથવા કોઈપણ ડ્રેઈનમાં પ્રદૂષિત પ્રવાહી છોડતા અટકાવવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે. બોર્ડે એ પણ ખાતરી કરવી પડશે કે કોઈ પણ ઉદ્યોગ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, અથવા CETP જરૂરી સંમતિ વિના કાર્યરત ન હોય અથવા નદીને પ્રદૂષિત કરવામાં મદદ ન કરે. એનજીટીએ પાણીના સ્રોતની આસપાસ બફર અથવા ગ્રીન ઝોન જાળવવા અંગેના સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ કરે તે જરૂરી છે.

આ પ્રકારનો પ્લાન્ટ કેવી રીતે કાર્ય કરે છે તેની સંક્ષિપ્ત વિગતો જાણવી જરૂરી છે. માત્ર પ્લાન્ટ ઊભો કરવો પૂરતું નથી પરંતુ આ પ્લાન્ટને સતત કાર્યરત રાખવો એ પણ એટલું જ જરૂરી છે. આ માટેનું મેન્ટેનન્સ પણ અવારનવાર વ્યવસ્થિત રીતે થવું જોઈએ તે પણ જરૂરી છે. તો જ ભાદર નદીના પ્રદૂષણનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલી શકાય. ગુજરાતની મોટાભાગની નદીઓમાં પ્રદૂષણનો પ્રશ્ન મુખ્ય છે એને ઉકેલવા માટે સરકારની ગાઈડલાઈનનો અમલ થાય તે જરૂરી છે. ઔદ્યોગિક પ્રદૂષણથી પાણીના સ્ત્રોતોને સુરક્ષિત રાખવા માટે વેસ્ટવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ એક આવશ્યક ઉપાય છે. ઘણા કારખાનાઓમાંથી નીકળતા પાણીમાં હાનિકારક રસાયણો, ભારે ધાતુઓ અને વિષેલા પદાર્થો હોય છે, જે સીધા નદીઓ અને તળાવોમાં મિલાવટ કરવાથી પર્યાવરણને ગંભીર નુકસાન થાય છે. આ પ્રદૂષિત પાણી જલચર જીવોનો નાશ કરે છે, માનવ સ્વાથ્ય માટે જોખમ ઊભું કરે છે અને કૃષિ યોગ્ય જમીનને ખરાબ કરે છે. આ સમસ્યાના નિવારણ માટે ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એક ટ્રીટમેન્ટ પ્લાન્ટનો મુખ્ય હેતુ ઔદ્યોગિક કચરાવાળા પાણીને શુદ્ધ કરીને પર્યાવરણમાં છોડવા યોગ્ય બનાવવાનો છે. આ પ્રક્રિયા દરમ્યાન, પાણીને વિવિધ તબક્કામાંથી પસાર કરવામાં આવે છે. પહેલા તબક્કામાં ભૌતિક શુદ્ધિકરણ દ્વારા પાણીમાંથી મોટા કચરા, જેમ કે પ્લાસ્ટિક, કાચ અને ધાતુના ટુકડાઓ, અલગ કરવામાં આવે છે. ત્યારબાદ રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા હાનિકારક તત્વોને નિષ્ક્રિય કરવામાં આવે છે. અંતમાં, જૈવિક પદ્ધતિની મદદથી સૂક્ષ્મ જીવાણુઓ દ્વારા ઓક્સિજનનો ઉપયોગ કરી બાકી રહેલા પ્રદૂષિત પદાર્થોનું વિઘટન કરવામાં આવે છે. આ રીતે શુદ્ધ કરેલું પાણી સુરક્ષિત રીતે પર્યાવરણમાં મુક્ત કરી શકાય છે અથવા ફરીથી ઔદ્યોગિક ઉપયોગ માટે વાપરી શકાય છે. ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ ન હોય તો પ્રદૂષણની માત્રા ચિંતાજનક સ્તરે પહોંચી શકે છે. તેથી, દરેક ઉદ્યોગની જવાબદારી છે કે તેઓ પોતાના વેસ્ટવોટરનું યોગ્ય શુદ્ધિકરણ સુનિશ્ચિત કરે. સરકારી નિયમો અને જાગૃતિ આ દિશામાં મદદરૂપ થઈ શકે છે. પરિણામે, સ્વચ્છ પાણીનો અધિકાર દરેક પ્રાણી અને માનવને મળે છે અને આપણું પર્યાવરણ સ્વસ્થ અને સંતુલિત રહે છે.

**ભાદર નદીનું પ્રદૂષણ તાત્કાલિક અટકાવવા NGTએ આદેશ આપ્યો છે. પણ એનો અમલ ક્યારે ?**

## શબ્દ સંજોગ-૨૧૦૪



**આડી ચાવી :**
(૧) સકલ, સમસ્ત (૩)
(૩) ભૂસુર, બ્રાહ્મણ (૩)
(૬) ગાઢું, ગીચ (૨)
(૭) છાંટો, ટીપુ (૨)
(૮) ખલાસ, પૂરુ (૩)
(૧૦) અસલ ન હોય તેવું, બનાવટી (૩)
(૧૨) પાઘડીનો.....છેડે (અ) (૨)
(૧૩) પાણીનું કરો અંગ્રેજી (૩)
(૧૮) એક વિદેશી દારૂ (૨)
(૧૯) આશ્રય આપનાર દાતા (૪)
(૨૧) બુધ્ધિ અવળી ફરી ગઈ (અ) (૨)
(૨૩) અમુક વિષયના જાણકાર (૩)
(૨૫) દેવીના હાથનું એક આયુધ (૪)
(૨૭) હોશિયારી, ખબરદાર (૩)
(૩૦) સારુ, યથાર્થ (૨)
(૩૧) વચ્ચેનું (૨)
(૩૨) આશ્રય, ઓથ (૩)
(૩૩) વધારે, ખૂબ (૨)
(૩૪) મરણ પાછળ રોવુ કુટવુ તે (૨)

**ઉભી ચાવી :**
(૧) ગાઢ, નક્કર (૩)
(૨) પતંગ (૪)
(૩) શાળામાં ભણાવાતો એક વિષય (૩)
(૪) વિષ, ઝેર (૨)
(૫) સોનું (૨)
(૯) એક તેજાનો (૨)
(૧૧) પ્રવાહી માપવાનો એકમ (૩)
(૧૪) રમતા રમતા સાધી શકાય તેવું (૫)
(૧૫) કંટાળેલુ, હારેલુ (૨)
(૧૬) તાકાત, મગદૂર (૨)
(૧૭) રચના (૨)
(૧૯) હોમ, હવન (૨)
(૨૦) માનવી, મનુષ્ય (૩)
(૨૨) ...દાન અવશ્ય કરવુ જોઈએ (૨)
(૨૪) નાણુ, સોનુ (૨)
(૨૬) એક કંદ (૩)
(૨૭) સાધી શકાય તેવુ (૨)
(૨૮) પવન ફૂકવાનું એક સાધન (૩)
(૨૯) પોશાક, પહેરવેશ (૨)
(૩૧) અશોક વૃક્ષ (૨)

## શબ્દ સંજોગ-૨૧૦૩ જવાબ

**આડી ચાવી:** (૧) પદાંક (૩) દિલોજાન (૬) દડી (૭) વિલાપ (૮) વચ (૧૦) દિવાસો (૧૧) વલય (૧૨) કલહ (૧૩) ભાલો (૧૪) લાલચ (૧૫) ખાર (૧૭) પરસ્પર (૧૯) તીરંદાજ (૨૨) જીનો (૨૪) ગૂગલ (૨૫) વાયલ (૨૮) ટવનર (નટવર) (૩૦) થાપણ (૩૧) સૌ.
**ઉભી ચાવી:** (૧) પદવી (૨) દાંડી (૩) દિલાસો (૪) લોપ (૫) નવલ (૭) વિવાહ (૯) ચયન (૧૦) દિલચસ્પ (૧૧) વલો (૧૨) કલર (૧૩) ભારતી (૧૪) લાપરવા (૧૬) સોદાગર (૧૮) રજી (૨૦) રંગૂન (૨૧) જલ (૨૩) નોટ (૨૬) યથા (૨૭) લપ (૨૯) વખો.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૪૮૫ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૯૭૨ |
| બાજરી | ૨૭૪ | ૪૨૩ |
| તુવેર | ૧૧૬૦ | ૧૩૬૬ |
| ચણા પીળા | ૯૧૫ | ૧૦૯૦ |
| ચણા સફેદ | ૧૧૫૧ | ૧૭૮૫ |
| અડદ | ૧૦૩૦ | ૧૪૪૧ |
| મગ | ૧૨૫૦ | ૧૮૩૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૪૧ |
| ચોળી | ૮૭૦ | ૧૩૦૦ |
| મઠ | ૭૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૫૦૦ | ૨૧૨૦ |
| કળથી | ૪૫૦ | ૯૨૫ |
| રાજમા | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૯૦ | ૧૩૩૭ |
| મગફળી જીણી | ૧૦૭૫ | ૧૩૮૦ |
| તલી | ૧૯૬૦ | ૨૨૬૦ |
| એરંડા | ૧૨૪૫ | ૧૩૨૬ |
| અજમો | ૧૦૦૦ | ૧૭૨૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૨૬૫ |
| સોયાબીન | ૮૭૫ | ૯૧૫ |
| સીંગફાડા | ૯૨૫ | ૧૪૭૪ |
| કાળા તલ | ૩૪૫૦ | ૫૧૭૫ |
| લસણ | ૬૫૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૩૪૦ | ૧૬૦૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૧૭૫૦ |
| ધાણી | ૧૩૮૦ | ૧૭૦૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૦૦ |
| રાય | ૧૭૫૦ | ૧૯૪૫ |
| મેથી | ૧૧૫૦ | ૧૩૭૦ |
| અશેરીયો | ૧૨૩૬ | ૧૨૩૬ |

| | | |
|---|---|---|
| કલોંજી | ૪૦૦૦ | ૪૮૪૦ |
| રાયડો | ૧૩૪૦ | ૧૩૮૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૦૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૧ | ૪૮૯ |
| ડુંગળી સુકી | ૫૫ | ૧૯૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૯૧ | ૧૪૫૬ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૫૬ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૩૦૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૬ | ૧૩૪૬ |
| તલ લાલ | ૧૮૦૦ | ૨૪૮૧ |
| જીરૂ | ૨૯૫૧ | ૪૩૦૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૧૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૯૭૧ |
| ડુંગળી લાલ | ૬૪ | ૨૪૬ |
| અડદ | ૭૦૧ | ૧૨૭૧ |
| મઠ | ૬૪૧ | ૧૩૨૬ |
| તુવેર | ૩૩૧ | ૧૧૩૧ |
| રાય | ૧૭૬૧ | ૧૭૮૧ |
| મેથી | ૫૧૧ | ૧૧૧૧ |
| કાંગ | ૪૬૧ | ૬૦૧ |
| મરચા | ૬૦૧ | ૪૨૫૧ |
| મગફળી જાડી | ૭૯૧ | ૧૩૩૧ |
| સફેદ ચણા | ૧૦૨૧ | ૧૮૫૧ |
| મગફળી ૬૬ | ૯૫૧ | ૧૩૮૧ |
| તલ - તલી | ૧૪૫૧ | ૨૩૬૧ |
| ધાણી | ૧૧૦૦ | ૧૭૪૧ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૩૦૧ |
| બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| જુવાર | ૭૨૧ | ૯૨૧ |
| મકાઇ | ૪૧૧ | ૫૦૧ |

| | | |
|---|---|---|
| મગ | ૬૦૧ | ૧૬૪૧ |
| ચણા | ૯૬૧ | ૧૦૯૬ |
| વાલ | ૪૬૧ | ૯૫૧ |
| વાલ પાપડી | ૧૭૬૧ | ૧૭૬૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૨૪૧ |
| સોયાબીન | ૭૨૧ | ૧૦૮૬ |
| અજમાં | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ગોગળી | ૭૧૧ | ૮૬૧ |
| વટાણા | ૧૦૭૬ | ૧૨૫૧ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૫૬ | ૧૧૭૦ |
| શિંગ ૬૬ | ૯૨૫ | ૧૦૦૦ |
| ગીરનારી શિંગ | ૮૭૨ | ૧૨૯૯ |
| શીંગ મોટી | ૭૦૦ | ૧૩૮૭ |
| શિંગ દાણા | ૮૪૫ | ૧૨૫૯ |
| તલ સફેદ | ૧૨૯૦ | ૩૧૩૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૪૫૦ |
| બાજરો | ૨૯૦ | ૩૨૦ |
| જુવાર | ૬૫૨ | ૯૬૮ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૯૯ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૭૮ |
| અડદ | ૯૮૦ | ૧૨૦૪ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૮૩૦ | ૧૧૧૨ |
| છોલે ચણા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| તુવેર | ૮૧૦ | ૧૨૯૫ |
| કપાસ | ૭૦૦ | ૧૫૩૮ |
| એરંડા | ૧૦૨૯ | ૧૨૯૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૬૬ |
| મેથી | ૧૦૨૦ | ૧૧૨૨ |
| સોયાબીન | ૭૦૬ | ૯૧૭ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૭૧૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૪૦ | ૧૧૯૦ |

| | | |
|---|---|---|
| શીંગ મોટી | ૯૫૦ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૦૪ |
| તલ કાળા | ૪૦૦૦ | ૨૪૦૪ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૫૦ |
| કપાસ | ૧૦૯૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૦ |
| અડદ | ૮૧૨ | ૧૧૮૧ |
| ચણા | ૮૫૦ | ૧૧૮૦ |
| મેથી | ૯૨૦ | - |
| સોયાબીન | ૭૮૦ | ૮૮૪ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૫૭ | ૧૪૬૧ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૦ | ૧૫૦૧ |
| કપાસ કોડી | ૮૯૧ | ૧૧૯૦ |
| મગફળી | ૮૦૬ | ૧૨૫૦ |
| ઘઉં | ૪૯૬ | ૫૨૬ |
| ચણા | ૮૫૧ | ૧૦૭૧ |
| ધાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૬૫૦ | ૧૧૬૧ |
| કલોંજી | ૩૦૦૦ | ૪૩૦૦ |
| તલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| દાણા | ૮૧૦ | ૧૦૬૧ |
| રાઈ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૯૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૫૦ | ૧૪૯૨ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૮ |
| અડદ | ૯૭૦ | ૧૧૦૦ |
| ચણા | ૭૪૫ | ૧૦૭૧ |
| ચણા સફેદ | ૯૫૧ | ૧૦૦૫ |
| ધાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| મેથી | ૬૩૫ | ૬૪૫ |
| ચોળી | ૪૯૦ | ૫૦૦ |
| જુવાર | ૨૫૧ | ૩૨૫ |
| લસણ | ૨૪૧ | ૧૧૨૧ |
| કલોંજી | ૨૦૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૬૨૧ | ૯૨૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| સીંગફાડા | ૧૦૩૫ | ૧૨૨૩ |
| મગફળી | ૭૦૧ | ૧૦૫૧ |
| **બાબરા** | | |
| કપાસશંકર | ૧૨૪૦ | ૧૫૩૮ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૩૦ |
| મગફળી | ૯૮૫ | ૧૩૨૫ |
| તલસફેદ | ૧૫૮૦ | ૨૧૧૦ |
| તલ કાળા | ૩૦૪૦ | ૪૮૪૦ |
| જીરૂ | ૩૦૧૦ | ૪૦૯૦ |
| ઘઉં | ૪૬૮ | ૫૩૨ |
| ચણા | ૯૫૫ | ૧૧૦૫ |
| અડદ | ૯૩૦ | ૧૨૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૧૬૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૪૭૦૦ | ૪૭૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૫૧ | ૮૨૬ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૦૦ |
| જુવાર | ૪૨૫ | ૧૦૩૫ |
| મગ | ૯૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૬૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૨ |
| ચણા | ૭૦૧ | ૧૧૦૬ |

| | | |
|---|---|---|
| અડદ | ૮૦૧ | ૧૨૨૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૩૬ |
| સીંગફાડા | ૧૦૦૧ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૧૭૬ |
| જીરૂ | ૩૦૦૭ | ૪૦૫૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૫૮૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૧૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૩૫૦ | ૧૪૯૨ |
| કપાસ કોડી | ૯૨૬ | ૧૨૩૭ |
| મગફળી | ૮૫૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| મેથી | ૮૩૫ | ૮૩૫ |
| જીરૂ | ૩૬૧૧ | ૩૬૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૨ | ૮૨૦ | ૧૨૪૬ |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૨૧૬ |
| શીંગ ગીરનારી | ૮૩૨ | ૧૩૧૫ |
| શીંગ જી-૨૦ | ૮૮૮ | ૧૩૨૦ |
| જુવાર | ૩૩૦ | ૯૦૦ |
| બાજરી | ૩૭૧ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૯૧ |
| મકાઈ | ૩૯૨ | ૩૯૨ |
| અડદ | ૭૦૦ | ૧૭૭૬ |
| મગ | ૫૨૫ | ૧૯૦૦ |
| સોયાબીન | ૫૯૧ | ૯૧૩ |
| ચણા | ૪૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૪૨૦૧ | ૫૦૫૧ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ડુંગળી લાલ નવી | ૮૧ | ૧૯૦ |
| ડુંગળી લાલ જુની | ૭૫ | ૧૫૨ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૪૧૮ |
| કપાસ શંકર | ૭૧૦ | ૧૫૨૧ |
| નાળીયેર | ૩૮૫ | ૨૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીના માર્કેટિંગ યાર્ડ પાસે લોકલ એસ.ટી. બસને ઊભી રાખવા તંત્રનો આદેશ

અમરેલી, તા.૨૦

એસ.ટી વિભાગ દ્વારા સાવરકુંડલા /બગસરા /ધારી / ઉના /રાજુલા /કોડીનારના કેન્દ્રને અમરેલીમાં સાવરકુંડલા રોડ ખાતેના અમરેલી માર્કેટિંગ યાર્ડ પાસે લોકલ બસનું સ્ટોપ આપવા જણાવવામાં આવ્યું છે. આ અંગે પાઠવેલા પત્રમાં સૂચનામાં આવી છે કે, આપના કેન્દ્રના જે તમામ લોકલ રૂટનું સંચાલન સાવરકુંડલાથી અમરેલી રોડ પર આવેલ યાર્ડ પાસેથી થતું હોય તે તમામ લોકલ રૂટને યાર્ડ-સાવરકુંડલા રોડ પાસે સ્ટોપ ઉમેરી સ્ટોપ આપી સંચાલન કરવું. મુસાફરોને ચડાવવા/ ઉતારવાની જરૂરી સૂચના આપવામાં આવેલ છે. આ ઉપરાંત કોઈ ફરિયાદ ઉપસ્થિત ન થાય તેની તકેદારી રાખવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સ્થળે એસ.ટી બસનું સ્ટોપ આપવા અનેક લોકોએ માગણી કરી હતી. માર્કેટીંગ યાર્ડમાં દૂર બહારગામથી ખેડૂતો ખેત જણસ વેચવા આવતા હોય અને જણસ વેચ્યા બાદ ખેડૂત પાસે રોકડ રકમ હોય તેવા સંજોગોમાં એસ.ટી. સ્ટોપ ન હોવાથી ખેડૂતોને અન્ય ખાનગી વાહનોમાં સાવરકુંડલા, બગસરા, ધારી, અમરેલી જવાની ફરજ પડે છે. અન્ય વાહન ન મળતા રોકડ જોખમ સાથે ઉભું રહેવું પડે છે. આથી ખેડૂતો, મજૂરો તેમજ અન્ય મુસાફરો હેરાન ન થાય તે માટે અમરેલી જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા યાર્ડ પાસે સાવરકુંડલા—અમરેલી તરફ તમામ આવન-જાવક લોકલ બસોનો સ્ટોપ આપવા રજૂઆત કરી હતી.

**દારૂ ભરેલી કાર અમરેલી તરફ આવતી હોવાની પોલીસને બાતમી મળતા**

# અમરેલી એલસીબીએ બિયરના ટીન સહિત રૂા.૧૨.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં વિદેશી દારૂના દુષણને નાથવા માટે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ચિતલથી અમરેલી દારૂ ભરેલી કાર આવતા અમરેલી એલસીબીએ ત્રણ શખ્સો પાસેથી બિયરના ટીન સાથે રૂા.૧૨.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અમરેલી એલસબીની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે અમુક શખ્સો કારમાં ચિતલથી દારૂ ભરી અમરેલી આવી રહ્યાં છે અને આગળ એક કાર પેટ્રોલિંગ કરી રહી છે. જેથી પોલીસે બાતમીના આધારે નાના માચીયાળા ગામ પાસે કારને રોકી તલાસી લેતા કારમાંથી બિયરની ૨૭ પેટી કિં.રૂ. ૬૭,૫૬૦, રોકડ રકમ રૂ.૭૩,૫૦૦, મોબાઈલ ફોન અને બે કાર મળી કુલ રૂ. ૧૨.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બિયર સાથે પકડાયેલા ઈસમોની પુછપરછ કરતા તેઓએ પોતાના નામ કરણ વલકુભાઈ ખાચર, મયુર જગુભાઈ પટગીર, પ્રદીપ રવુભાઈ બોરીચા રહે. તમામ કારીયાણી, તા.જિ.બોટાદ તેમજ હજુ બે ઈસમો લાલાભાઈ બાબભાઈ ખાચર અને ધર્મરાજ ઉર્ફે ધમો હરેશભાઈ બાબરીયા રહે. બગસરાવાળો ફરાર હોય તેને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

**દારૂ લઈ આવતા ત્રણ શખ્સો બોટાદના જયારે ફરાર શખ્સોમાં એક બગસરાનો હોવાનું ખુલ્યું**

# સા.કુંડલાના ગાધડકા પ્રાથમિક શાળામાં પવિત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું



સાવરકુંડલા,તા.૨૦

ગાધકડા પ્લૉટ પ્રાથમિક શાળામાં પવિત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

યજ્ઞવેદીની સુંદર સજાવટ કરવામાં આવી અને જે વિદ્યાર્થીઓના છેલ્લા સપ્તાહમાં જન્મદિવસ હોય એમના હસ્તે પૂજા કરવામાં આવી હતી. શાળાના શિક્ષક વિપુલભાઈ બોરીસાગર દ્વારા મંત્રોચ્ચાર સાથે યજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ હવનમાં આહુતિ અર્પણ કરી હતી.

# એએમસીના ૩૦૦ કર્મચારીઓ એસઆઈઆરની કામગીરી માટે ફાળવાતા વિવિધ વિભાગોની કામગીરીમાં માઠી અસર

અમદાવાદ,તા.૨૦

એએમસીના પ્રોપર્ટી ટેક્સ, હેલ્થ, સોલિડ વેસ્ટ, વેલ્યુએશન, નાણાં સહિત વિવિધ વિભાગોના ૩૦૦ જેટલા કર્મચારીઓને મતદારયાદી સુધારણા માટે એસઆઈઆરની કામગીરી માટે ફાળવવામાં આવતાં એએમસીની કામગીરીને માઠી અસર થઈ છે. ખાસ કરીને એસઆઈઆરની કામગીરી માટે બીએલઓની મદદમાં કામગીરી કરવા માટે પ્રોપર્ટી ટેક્સ વિભાગના ૭૫ ટકાથી વધુ કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી હોવાને કારણે મ્યુનિ. ટેક્સ વિભાગની કામગીરી ખોરવાઈ ગઈ છે. એએમસીના કર્મચારીઓ એસઆઈઆરની કામગીરી માટે ગયેલા હોવાથી નામ સુધારણા, નામ ટ્રાન્સફર, ટેક્સની રકમમાં વધ-ઘટ વગેરે મામલે અરજીઓ કરનારા નાગરિકોને એએમસીની



ટેક્સ વિભાગની કચેરીઓના ધક્કા ખાઈને પાછા જવું પડે છે. એટલું જ નહીં પરંતુ એએમસીની ટેક્સ રિકવરી ટેક્સ નહીં ભરનારાઓની મિલકતો સીલ કરવા સહિતની કામગીરીને પણ માઠી અસર થઈ રહી હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યાનુસાર, એએમસીના ૩૦૦ કર્મચારીઓને કલેક્ટર કચેરી અને ચૂંટણી અધિકારી અમદાવાદ ખાતે ફાળવવામાં આવ્યા છે અને તેમની સીધી દેખરેખ, સૂચના મુજબ કામગીરી કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

# જાફરાબાદ-રાજુલા રોડ પર ખાનગી બસ અને બાઈક વચ્ચે અકસ્માત



જાફરાબાદ તા .૨૦

જાફરાબાદના તલાવડીથી આગળ જતા રસ્તા પર અમદાવાદ જતી હિંમત ટ્રાવેલ્સ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ખાનગી બસ અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક સવાર વિશાલ લક્ષ્મણભાઈ સોલંકીને માથામાં ગંભીર ઈજા પહોંચતા સૌપ્રથમ જાફરાબાદ સરકારી દવાખાને અને વધુ સારવાર અર્થે ભાવનગર રીફર કરવામાં આવ્યો હતો. આ અકસ્માતની જાણ થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

# ભીંગરાડમાં ૭૨મા સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૦

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લામાં ૧૪/૧૧થી ૨૦/૧૧/૨૦૨૫ સુધી ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત જિલ્લા સહકારી સંઘ અને શ્રી ભીંગરાડ સેવા સહકારી



મંડળીના સંયુક્ત ઉપક્રમે સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં ૧૮/૧૧/૨૦૨૫ના 'સહકારી ઉદ્યોગ સાહસિકતા દ્વારા યુવાનો, મહિલાઓ અને નબળા ક્ષેત્રો જેવા કે, હસ્તકલા, હાથવણાટ, શ્રમ, મત્સ્યોદ્યોગને સશક્ત બનાવવા પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, યુવા સમિતિના ડાયરેક્ટર રવિભાઈ પંડ્યા, ભીંગરાડ સેવા સહકારી મંડળી લી.ના અધ્યક્ષ ચતુરભાઈ ભાદાણી, સહકારી અગ્રણીઓ અને સભાસદ હાજર રહ્યા હતા.

# અંબુજાનગર યુનિટ દ્વારા કાર્યસ્થળની શ્રેષ્ઠતા માટે AWMS 5S પદ્ધતિનો સફળ અમલ

કોડીનાર,તા.૨૦

કાર્યસ્થળની શ્રેષ્ઠતા અને પર્યાવરણીય સંરક્ષણ તરફ એક નોંધપાત્ર પગલું ભરતા, અંબુજાનગર યુનિટે AWMS 5S પદ્ધતિનો સફળતાપૂર્વક અમલ કર્યો છે. આ પહેલમાં પાંચ મુખ્ય જાપાનીઝ સિદ્ધાંતો - સેઈરી (સૉર્ટિંગ), સીટોન (આયોજન), સીસો (સફાઈ), સીકેત્સુ (માનકીકરણ), અને શિત્સુકે (શિસ્ત જાળવવી) - નો સમાવેશ



થાય છે. યુનિટના કર્મચારીઓએ સક્રિયપણે અનિચ્છનીય વસ્તુઓને અલગ કરી, સાધનોનું આયોજન કર્યું અને સમગ્ર પ્લાન્ટ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી છે. ટીમે ભારપૂર્વક જણાવ્યું કે 5S માત્ર સ્વચ્છતા વિશે નથી, પરંતુ તે એક સલામત, કાર્યક્ષમ અને શિસ્તબદ્ધ કાર્ય વાતાવરણ બનાવવાનો પ્રયાસ છે. આ ઝુંબેશની અસર પ્લાન્ટ પરિસરની બહાર પણ વિસ્તરી છે. યુનિટે વડનગર સ્કૂલ અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન ચલાવ્યું હતું અને SEDI વિદ્યાર્થીઓ માટે જાગૃતિ સત્રોનું આયોજન કર્યું હતું.

# સુરતમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' પર ૧૩૪મો 'થર્સ-ડે થૉટ' કાર્યક્રમ સંપન્ન

સુરત, તા.૨૦

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત તરફથી યોજાયેલો ૧૩૪મો થર્સ-ડે થૉટ કાર્યક્રમ જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ×આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કલ્પનાથી પણ આગળ છે× વિષય પર સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ AIને સદીનું સૌથી મોટું પરિવર્તન ગણાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે, જોકે AI થી સંબંધોની ઉષ્મા ઘટવા લાગશે, પરંતુ સમયની સાથે બદલાવ જરૂરી છે. AI નિષ્ણાત અને YOU + AI પુસ્તકના લેખક મિત દેસાઈએ જણાવ્યું હતું કે, AI નો ઉપયોગ હવે માનવ જીવનમાં અનિવાર્ય છે. તેમણે કહ્યું કે, AI થી ડરવાની નહીં, પણ તેને જાણવાની જરૂર છે અને માણસે AIનો ગુલામ ન બનવું હોય તો AIના માલિક બનો. સુરત શહેર સ્પેશિયલ બ્રાન્ચના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ જુલીબેન કોઠીયાએ પુસ્તક YOU + AIનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે રાજકોટના ધીરૂભાઈ રામાણીએ જમનાબા વિદ્યાર્થી ભવનમાં રૂ. ૨૧ લાખનો સહયોગ આપવાની જાહેરાત કરી હતી, જે બદલ સંસ્થાએ તેમનું અભિવાદન કર્યું હતું.

# 'ટ્રાફિક પોલીસ રોડ પર રહેવાથી વધારે મોબાઈલ ફોન જોતાં જોવા મળે છે' : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં વધતી ટ્રાફિક સમસ્યા અને ટ્રાફિક પોલીસની કામગીરી પર હાઈકોર્ટમાં પ્રશ્નો ઉભા થયા. આ પ્રશ્નોના ઉકેલ માટે મહત્વપૂર્ણ સુનાવણી યોજાઈ. શહેરોના પીક અવર્સ દરમિયાન ઉભી થતી અત્યંત ગંભીર ટ્રાફિક સમસ્યાને લઈને કોર્ટે ચિંતા વ્યક્ત કરી સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે "ટ્રાફિક પોલીસ રોડ પર રહેવાથી વધારે મોબાઈલ ફોન જોતાં જોવા મળે છે." સુનાવણી દરમિયાન અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી કે ગુજરાતના મોટા શહેરોમાં પીક અવર્સમાં ટ્રાફિક જામ સામાન્ય બની ગયો છે. ખાસ કરીને અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં મુખ્ય રોડ, ચેકપોસ્ટ, સિગ્નલો અને ફલાયઓવર પર વાહનોની લાઈનો ઘણા કિલોમીટર સુધી ફેલાઈ જાય છે, જેના કારણે લોકોનો સમય બગડે છે અને અકસ્માતોની સંભાવના પણ વધી જાય છે.

# અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી

સોમનાથ, તા.૨૦

બોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી તથા હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠકના સાંસદ કંગના રનૌત હાલ ગુજરાતના ધાર્મિક પ્રવાસે છે. આજે તેમણે બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ સ્થાન ધરાવતા પવિત્ર સોમનાથ મહાદેવની મુલાકાત લીધી અને ભોલેનાથના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ દરમિયાન તેઓ



ભાવવિભોર પણ બની ગયા હતા. આ દરમિયાન કંગના રનૌતે જણાવ્યું કે, અમે સોમનાથ મહાદેવજીના દર્શન કરીને ધન્યતા અનુભવી છે. અમે તેમની ધજાની પણ પૂજા-અર્ચના કરી છે.

# કોડીનારમાં ચેકડેમમાં ડૂબી ગયેલા મહારાષ્ટ્રીયન મજૂરની અંતિમવિધિ સેવાભાવી સંસ્થાઓએ કરી



કોડીનાર,તા.૨૦

કોડીનાર તાલુકાના દુદાણા ગામ નજીક નદી પરના ચેકડેમમાં ડૂબી ગયેલા એક પરપ્રાંતીય મજૂર યુવકની અંતિમવિધિ કોડીનારની બે સેવાભાવી સંસ્થાઓ દ્વારા માનવતાના ધોરણે કરવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, કોડીનારના બાયપાસ રોડ પરના દુદાણા પુલ પાસે ચેકડેમમાં નાહવા પડેલો મહારાષ્ટ્રનો મજૂર યુવક પગે ખોટ ધરાવતો હોવાથી ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો અને બહાર નીકળી શક્યો નહોતો. નજરે જોનાર છોકરાએ 'બાબુ ડૂબ ગયા હૈ' કહીને જાણકારી આપતા તાબડતોબ બચાવ કામગીરી શરૂ થઈ હતી


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૭૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બાળધીયા જયાબેન લખમણભાઈ
સરનામું :- મુ.ખાખબાઈ, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખાખબાઈ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખાખબાઈ મુકામે ના શ્રી બાળધીયા જયાબેન લખમણભાઈ એ તેમના પુત્રો નામે શ્રી વાઘજીભાઈ લખમણભાઈ બાળધીયા નો જન્મ તા.૧૪/૦૨/૧૯૯૫ શ્રી લાલજીભાઈ લખમણભાઈ બાળધીયા નો જન્મ તા.૧૦/૦૭/૧૯૯૬ શૈલેષભાઈ લખમણભાઈ બાળધીયા નો જન્મ તા.૦૫/૦૧/૧૯૯૭ અને પરેશભાઈ લખમણભાઈ બાળધીયા નો જન્મ તા.૨૦/૦૮/૧૯૯૮ના રોજ રાજુલા તાલુકાના ખાખબાઈ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૭૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ભુતૈયા ધોળીબેન મોહનભાઈ
સરનામું :- મુ.રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલિકા રાજુલા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા મુકામે ના શ્રી ભુતૈયા ધોળીબેન મોહનભાઈ એ તેમના પુત્રી નામે શ્રી ભુતૈયા સવિતાબેન મોહનભાઈ નો જન્મ તા.૧૭/૦૧/૧૯૬૨ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૫૯/૨૦૨૫

અરજદાર : શ્રી કવાડ રાણાભાઈ ઝંડુરભાઈ
સરનામુ : મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી કવાડ રાણાભાઈ ઝંડુરભાઈ** એ તેમના **પત્ની નામે શ્રી પુનીબેન રાણાભાઈ કવાડ નુ મરણ** તા.૨૦/૧૦/૧૯૯૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પર ધુમ્મસની ચાદર પથરાઈ : મધ્ય ભારતમાં ઠંડી વધી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ફેફસાંની સમસ્યાઓનું કારણ બની રહ્યું છે, ત્યારે ઉત્તર ભારતના અન્ય ભાગોમાં ઠંડી વધી રહી છે. લોકોએ નહાવા માટે પાણી ગરમ કરવાનું શરૂ કરી દીધું છે, અને રજાઈ અને ધાબળા વિના રાત મુશ્કેલ બની રહી છે. તેનાથી વિપરીત, તમિલનાડુ અને દક્ષિણ ભારતમાં આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભારે વરસાદ લોકોને પરેશાન કરી રહ્યો છે.

દિલ્હીના ઈન્ડિયા ગેટ પર વહેલી સવારે ધુમ્મસની ચાદર દેખાઈ રહી હતી. ધુમ્મસમાં ઈન્ડિયા ગેટ છુપાયેલો દેખાયો. સીપીસીબીના ડેટા અનુસાર, ઈન્ડિયા ગેટ વિસ્તારમાં એકયુઆઈ ૪૦૦ નોંધાયો હતો. મોતી બાગમાં એકયુઆઈ ૪૩૯, આઈટીઓમાં ૪૦૦, ધૌલા કુઆનમાં ૪૨૦, આનંદ



વિહારમાં ૪૨૦ અને પંજાબ બાગમાં ૪૩૯ નોંધાયો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ, પશ્ચિમ મધ્ય પ્રદેશના કેટલાક ભાગોમાં વધુથી લઈને ગંભીર ઠંડીના મોજાની સ્થિતિની અપેક્ષા છે, અને ૨૦ નવેમ્બરે મધ્ય મહારાષ્ટ્ર, પૂર્વી મધ્ય પ્રદેશ અને તેલંગાણામાં ઠંડીના મોજાની આગાહી છે. આગામી પાંચ દિવસમાં મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે ૨-૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે, પરંતુ ત્યારબાદ કોઈ નોંધપાત્ર ફેરફાર થવાની ધારણા નથી.

# કર્ણાટક સરકાર કૂતરા કરડવાથી મૃત્યુ પામનારને ૫ લાખનું વળતર આપશે

(એચ.એસ.એલ),બેંગલુરુ,તા.૨૦

કર્ણાટક સરકારે રખડતા કૂતરા કરડવાથી થતા મૃત્યુ અને ઈજાઓ અંગે એક મોટી જાહેરાત કરી છે. હવે, જો કોઈનું કૂતરા કરડવાથી મૃત્યુ થાય છે, તો રાજ્ય સરકાર તેમના પરિવારને ૫ લાખનું વળતર આપશે. સરકારે જણાવ્યું છે કે ઈજા થવાના કિસ્સામાં પણ સહાય પૂરી પાડવામાં આવશે. જો કોઈ કૂતરાએ ચામડી પર કાણું પાડ્યું હોય, ઊંડો ઘા કર્યો હોય, અથવા કરડ્યા હોય, તો પીડિતને કુલ ૫,૦૦૦ મળશે. આમાંથી ૩,૫૦૦ સીધા પીડિતને આપવામાં આવશે, અને ૧,૫૦૦ સારવાર માટે સુવર્ણ આરોગ્ય સુરક્ષા ટ્રસ્ટને જશે.

દરમિયાન, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમે તમિલનાડુમાં કૂતરા કરડવા અને હડકવાથી થતા મૃત્યુ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક અખબારને ટાંકીને કહ્યું કે આ વર્ષે અત્યાર સુધીમાં, તમિલનાડુમાં



કૂતરા કરડવાના આશરે ૫.૨૫ લાખ કેસ નોંધાયા છે, અને હડકવાથી ૨૮ લોકો મૃત્યુ પામ્યા છે. ચિદમ્બરમે સોશિયલ મીડિયા પર લખ્યું, ''શ્વાન પ્રેમીઓની લાગણીઓ વાજબી છે, પરંતુ આ ચિંતાજનક આંકડાઓ પણ ધ્યાનમાં લેવા જોઈએ. કૂતરા પ્રેમી હોવાનો અર્થ એ નથી કે અમે રખડતા કૂતરાઓને પકડવા, નસબંધી કરવા અને રસીકરણને સમર્થન આપતા નથી.'' ચિદમ્બરમે વધુમાં જણાવ્યું હતું કે, ''સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે રસીકૃત કૂતરાઓને તેમના મૂળ નિવાસસ્થાનમાં પાછા છોડી દેવા જોઈએ, સિવાય કે અમુક જાહેર સ્થળોએ. કૂતરાઓને મારવાનો કોઈ પ્રયાસ નથી.

## બિહારના મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમારે શપથ લેતા તેજસ્વી યાદવે અભિનંદન પાઠવ્યા

(એચ.એસ.એલ),પટણા,તા.૨૦

નીતીશ કુમારે ગુરુવારે ઐતિહાસિક ગાંધી મેદાનમાં બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા. આ પ્રસંગે વડાપ્રધાન મોદી સહિત ઘણા અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા. રાજદ નેતા તેજસ્વી યાદવે સોશિયલ મીડિયા સાઈટ એકસ પર એક પોસ્ટમાં નીતિશ કુમારને અભિનંદન આપ્યા. તેજસ્વી યાદવે લખ્યું, ''બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવા બદલ આદરણીય નીતિશ કુમાર જીને હાર્દિક અભિનંદન.''

તેમણે આગળ લખ્યું, ''બિહાર સરકારના તમામ મંત્રીઓને હાર્દિક અભિનંદન, જેમણે મંત્રી પરિષદના સભ્ય તરીકે શપથ લીધા છે. આશા છે કે નવી સરકાર તેમના વચનો અને જાહેરાતો પૂર્ણ કરશે, જવાબદાર લોકોની આશાઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરશે અને બિહારના લોકોના જીવનમાં સકારાત્મક અને ગુણાત્મક પરિવર્તન લાવશે.''

# નીતિશ કુમારે ૨૦૦૫ થી સતત બિહારના મુખ્યમંત્રીનું પદ સંભાળ્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

જદયુ નેતા નીતિશ કુમારે શુક્રવારે દસમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેઓ ૨૦૦૫ થી સતત બિહારના મુખ્યમંત્રી પદ સંભાળી રહ્યા છે. બિહારમાં ચૂંટણીઓ આવી અને ગઈ, અને ગઠબંધનો બદલાયા, પરંતુ નીતિશે ૨૦ વર્ષ સુધી મુખ્યમંત્રી પદ સંભાળ્યું. અગાઉ, નીતિશ કુમારે ભાજપ અને રાજદના નેતૃત્વ હેઠળની વિવિધ ગઠબંધન સરકારોના વડા તરીકે મુખ્યમંત્રી પદ સંભાળ્યું છે. આ દરમિયાન, જીતન રામ માંઝીએ મે ૨૦૧૪ થી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી જ મુખ્યમંત્રી પદ સંભાળ્યું.

નીતીશ કુમાર બિહારના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રી બની ગયા છે, પરંતુ તેઓ હજુ પણ દેશમાં સૌથી



લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રીઓની યાદીમાં ઘણા પાછળ છે. જો કે, જો તેઓ પાંચ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેશે, તો તેઓ ચોક્કસપણે આ રેકોર્ડ તોડી નાખશે.

નીતીશ કુમારે ગુરુવારે ગાંધી મેદાનમાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. નીતીશ સાથે, બે નાયબ મુખ્યમંત્રી સહિત ૨૬ મંત્રીઓએ શપથ લીધા. બિહાર ચૂંટણીમાં ભાજપે ૮૯ બેઠકો જીતી હતી, જ્યારે જેડીયુએ ૮૫ બેઠકો જીતી હતી. આરજેડીએ ફક્ત ૨૫ બેઠકો જીતી હતી.

## અલ-ફલાહ યુનિ. સાથે સંકળાયેલા ૨૦૦થી વધુ ડોક્ટરો અને સ્ટાફ તપાસ એજન્સીના રડાર પર

ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટના કેસની તપાસનો ધમધમાટ હવે ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટી સુધી પહોંચ્યો છે. અહેવાલો અનુસાર, યુનિવર્સિટી સાથે સંકળાયેલા ૨૦૦થી વધુ ડૉક્ટરો, લેક્ચરર્સ અને સ્ટાફ સભ્યો હવે તપાસ એજન્સીઓના રડાર પર છે. આ સમગ્ર ઘટનામાં એક વ્હાઈટ-કોલર આતંકી મોડ્યુલના ખુલાસા બાદ એજન્સીઓએ યુનિવર્સિટીના સ્ટાફના લોકરની તપાસ પણ શરુ કરી દીધી છે. અહેવાલો અનુસાર, તપાસ એજન્સીઓ અલ-ફલાહ યુનિવર્સિટીના ૨૦૦થી વધુ કર્મચારીઓ અને શિક્ષકો પર નજર રાખી રહી છે. આ ઉપરાંત બહાર રહેતા વિદ્યાર્થીઓના હોસ્ટેલ અને રૂમની પણ તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૧,૦૦૦થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે. એજન્સીઓ એવા લોકોની ઓળખ કરી રહી છે જે દિલ્હી વિસ્ફોટ પછી યુનિવર્સિટી છોડીને ગયા હતા.

# ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરે ગર્લફ્રેન્ડ સાથે ભારતમાં તાજમહેલની મુલાકાત લીધી

(એચ.એસ.એલ),આગ્રા,તા.૨૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરે ગુરુવારે પહેલીવાર તાજમહેલની મુલાકાત લીધી. તેમણે ડાયના બેન્ચ પર તેમની ગર્લફ્રેન્ડ સાથે ફોટો પડાવ્યો. તેમણે મુઘલ સમ્રાટ શાહજહાં અને તેમની પત્ની મુમતાઝ મહેલની કબરની પણ મુલાકાત લીધી. તેમણે તાજમહેલ



સંકુલમાં લગભગ ૪૫ મિનિટ વિતાવી. તેમની ગર્લફ્રેન્ડ લાલ રંગના પશ્ચિમી ડ્રેસમાં જોવા મળી, જ્યારે ટ્રમ્પ જુનિયર સફેદ પોશાકમાં જોવા મળ્યા હતા

ટ્રમ્પ જુનિયર બપોરે ૧:૩૦ વાગ્યે ખાસ ફ્લાઈટ દ્વારા આગ્રાના ખેરિયા એરપોર્ટ પર પહોંચ્યા. એરપોર્ટથી તેઓ અમર વિલાસ ઓબેરોય હોટેલ ગયા. તેમના માટે કોહિનૂર સ્યુટ બુક કરવામાં આવ્યો હતો. આ સ્યુટનો પ્રતિ રાત્રિનો ખર્ચ ૭૦૦,૦૦૦ થી ૮૦૦,૦૦૦ રૂપિયા છે. તેઓ ત્યાં થોડો સમય રોકાયા અને બપોરનું ભોજન કર્યું. તેમને કોન્ટિનેન્ટલ અને ભારતીય વાનગીઓ પીરસવામાં આવી હતી.

# કોર્ટ રાજ્યપાલની ભૂમિકા છીનવી શકતી નથી સુપ્રીમ કોર્ટના પાંચ ન્યાયાધીશોએ ચુકાદો આપ્યો

નવીદિલ્હી,તા.૨૦

રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમય મર્યાદા નક્કી કરવાના મુદ્દા પર સુપ્રીમ કોર્ટમાં લાંબી સુનાવણી બાદ, આજે નિર્ણય જાહેર કરવામાં આવ્યો. સીજેઆઈની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ચુકાદો આપ્યો કે કોર્ટ રાજ્યપાલની ભૂમિકા છીનવી શકતી નથી. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે સમય મર્યાદા લાદવી એ બંધારણ દ્વારા આટલી કાળજીપૂર્વક સુરક્ષિત સુગમતાની સંપૂર્ણપણે વિરુદ્ધ હશે.

ચુકાદો વાંચતા, સીજેઆઈએ જણાવ્યું કે રાષ્ટ્રપતિના સંદર્ભની તરફેણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા રજૂ કરાયેલી દલીલો સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં ધ્યાનમાં લીધી છે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે કોર્ટ રાજ્યપાલની ભૂમિકા છીનવી



શકતી નથી. કલમ ૨૦૦ હેઠળ, રાજ્યપાલ કાં તો બિલને પોતાની સંમતિ આપી શકે છે, બિલને રોકી શકે છે અને પરત કરી શકે છે, અથવા બિલને રાષ્ટ્રપતિને મોકલી શકે છે. કલમ ૨૦૦ હેઠળ, રાજ્યપાલ પાસે બીજો કોઈ વિકલ્પ નથી. જ્યારે સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું કે રાજ્યપાલ રાજ્ય બિલોને અનિશ્ચિત સમય માટે વીટો કરી શકતા નથી, ત્યારે તેણે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવાનો ઈનકાર કર્યો હતો, એમ કહીને કે આમ કરવાથી સત્તાના વિભાજનનું ઉલ્લંઘન થશે.

# શર્જીલ ઈમામના ભડકાઉ ભાષણોનો વીડિયો સુપ્રીમ કોર્ટમાં બતાવવામાં આવ્યો

નવીદિલ્હી,તા.૨૦

૨૦૨૦ ના ઉત્તર-પૂર્વ દિલ્હી રમખાણો સંબંધિત કેસની સુનાવણી દરમિયાન, દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં કેટલાક વીડિયો બતાવ્યા જેમાં શર્જીલ ઈમામ નાગરિકતા સુધારા કાયદા વિરુદ્ધ ભડકાઉ ભાષણો આપતા જોવા મળે છે. પોલીસે દાવો કર્યો હતો કે આ



ભાષણોએ વાતાવરણ ખરાબ કર્યું હતું અને લોકોને ઉશ્કેર્યા હતા. શર્જીલ ઈમામ પર CAA અને NRC વિરુદ્ધના વિરોધ પ્રદર્શનો દરમિયાન ભાષણો આપવાનો આરોપ છે, જેના કારણે સરકારના મતે કાયદો અને વ્યવસ્થાને અસર થઈ હતી.

ઈમામે આ આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોનું આહ્વાન કરી રહ્યા હતા.

## મહારાષ્ટ્રમાં મહાયુતિમાં થયેલા ભંગાણ પછી એકનાથ શિંદે ગૃહમંત્રીને મળ્યા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને શિવસેના (શિંદે) નેતા એકનાથ શિંદે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા. મહારાષ્ટ્રમાં મહાયુતિ (મહાગઠબંધન) માં થયેલા ભંગાણ પછી એકનાથ શિંદેની ગૃહમંત્રી સાથેની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. શિંદે નીતિશ કુમારના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે પટના જઈ રહ્યા હતા. આ દરમિયાન, તેમણે દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરી. શિંદેએ કહ્યું, ''અમને એનડીએના ઘટક હોવાનો ગર્વ છે.''

એકનાથ શિંદેએ કહ્યું કે બિહારમાં શપથ ગ્રહણ સમારોહમાં જતા પહેલા, તેઓ બિહારમાં વિજય બદલ અમિત શાહને અભિનંદન આપવા માટે મળવા ગયા હતા.

# અશ્વિની વૈષ્ણવ સિંગાપુરમાં બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ખાતરી આપી હતી કે ભારત આગામી વર્ષોમાં સ્થિર નીતિ વાતાવરણ, સતત નિયમનકારી સરળીકરણ, મજબૂત આર્થિક વૃદ્ધિ અને ખૂબ જ મધ્યમ ફુગાવો પ્રદાન કરવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે આ પરિસ્થિતિઓ રોકાણકારો માટે આદર્શ છે. સિંગાપોરમાં બ્લૂમબર્ગ ન્યૂ



ઈકોનોમી ફોરમમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરતા, વૈષ્ણવે સ્થિર, જવાબદાર અને નવીનતા-સંચાલિત ડિજિટલ અને આર્થિક ભવિષ્ય માટે ભારતના વિઝનની રૂપરેખા આપી.

દેશના મજબૂત આર્થિક મૂળભૂત બાબતો પર પ્રકાશ પાડતા, વૈષ્ણવે કહ્યું, ''ઉચ્ચ વૃદ્ધિ અને મધ્યમ ફુગાવા સાથે, ભારત આગામી વર્ષોમાં સ્થિર નીતિ વાતાવરણ, સતત નિયમનકારી સરળીકરણ, સારી વૃદ્ધિ અને ખૂબ જ મધ્યમ ફુગાવો પ્રદાન કરવાનું ચાલુ રાખશે.

# યુક્રેનમાં રશિયન ડ્રોન અને મિસાઈલ હુમલો : ૧૬ લોકોના મોત, ૩૭ ઘાયલ

કિવ,તા.૨૦

યુક્રેનમાં રશિયન ડ્રોન અને મિસાઈલ હુમલામાં ૧૬ લોકો માર્યા ગયા અને ૩૭ ઘાયલ થયા, અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. આ ઘટના ત્યારે બની છે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી રશિયા પર દબાણ લાવવાના પ્રયાસના ભાગ રૂપે વાટાઘાટો માટે તુર્કીમાં છે. ગૃહમંત્રી ઈહોર ક્લિમેન્કોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ યુક્રેનિયન શહેર ટેર્નોપિલમાં બે નવ માળના એપાર્ટમેન્ટ બ્લોક પર રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૧૬ બાળકો સહિત ઓછામાં ઓછા ૬૬ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. યુક્રેનિયન વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયાએ રાત્રે ૪૭૬ યુક્રેનિયન લક્ષ્યો પર ડ્રોન હુમલાઓ કર્યા અને વિવિધ પ્રકારના ૪૮ મિસાઈલો છોડ્યા. ઝેલેન્સકીએ મેસેજિંગ એપ ટેલિગ્રામ પર લખ્યું, ''નાગરિક જીવન સામેનો દરેક બેશરમ હુમલો દર્શાવે છે કે રશિયા પર (યુદ્ધ અટકાવવા માટે) દબાણ



અપૂરતું છે.'' ઝેલેન્સકીએ કહ્યું કે તેઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને રાજદ્વારી રીતે અલગ કરવાના અને તેમના પર વધુ આંતરરાષ્ટ્રીય દબાણ લાવવાના પ્રયાસોના ભાગ રૂપે બુધવારે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથે મુલાકાત કરશે. યુક્રેનના બીજા સૌથી મોટા શહેર ઉત્તરપૂર્વીય ખાર્કિવમાં, રશિયન ડ્રોન હુમલામાં બે છોકરીઓ સહિત ૪૬ લોકો ઘાયલ થયા. ખાર્કિવ પ્રાદેશિક લશ્કરી વહીવટના વડા ઓલેહ સિનિહુબોવે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે ડ્રોન હુમલામાં ઓછામાં ઓછી ૧૬ રહેણાંક ઈમારતો, એક એમ્બ્યુલન્સ સ્ટેશન, એક શાળા અને અન્ય નાગરિક માળખાંને નિશાન બનાવવામાં આવ્યા હતા.

# NIAએ દિલ્હીના લાલ કિલ્લા વિસ્ફોટ કેસમાં વધુ ૪ લોકોની ધરપકડ કરી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

જ્યારે તપાસ એજન્સીઓ દિલ્હી વિસ્ફોટ કેસમાં તેમની તપાસ ચાલુ રાખી રહી છે, ત્યારે એનઆઈએ આ કેસમાં શંકાસ્પદોની સતત ધરપકડ કરી રહી છે. એનઆઈએએ વિસ્ફોટોના સંદર્ભમાં શ્રીનગરથી વધુ ચાર શંકાસ્પદોની ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શ્રીનગર પોલીસે આ ચારેયની ધરપકડ કરી હતી અને પછી તેમને એનઆઈએને સોંપી દીધા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં છ ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા શંકાસ્પદોની ઓળખ ડૉ. મુઅઝમ્મીલ શકીલ ગનાઈ (પુલવામા), ડૉ. આદિલ અહેમદ રાથેર (અનંતનાગ), અને ડૉ. શાહીન સઈદ (લખનૌ) અને મુફ્તી ઈરફાન અહેમદ (શોપિયા) તરીકે ઓળખ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા તમામ શંકાસ્પદોને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં



રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

એનઆઈએ સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે ધરપકડ કરાયેલા ચારેય શંકાસ્પદોએ દિલ્હીમાં આતંકવાદી હુમલાનું આયોજન અને અમલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. નોંધનીય છે કે આ ચાર શંકાસ્પદોની ધરપકડ પહેલા, એનઆઈએએ કેસની તપાસ દરમિયાન આતંકવાદી આમિર રાશિદ અલી અને જસીર બિલાલની ધરપકડ કરી હતી.

વિસ્ફોટમાં વપરાયેલી કાર આમિર રાશિદના નામે નોંધાયેલી હતી.

# રાજ્યમાં શિયાળાની શરૂઆતની સાથે છેલ્લાં ૧૫ દિવસથી હવામાં પ્રદૂષણ વધ્યું

**મહાનગરોનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૮૦ને પાર**



અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં શિયાળાની શરૂઆતની સાથે છેલ્લા ૧૫ દિવસથી હવામાં પ્રદૂષણના સ્તરમાં વધારો થયો છે. ગુજરાતનાં ચાર મુખ્ય શહેર-અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પ્રદૂષણનું સ્તર ૧૮૦ને પાર થઈ જતાં તબીબોએ લોકોને ચેતવ્યા છે. આ શહેરોમાં સવારના અને સાંજના સમયે તો AQI (એર ક્વોલિટી ઈન્ડેક્સ)નું સ્તર ૨૦૦ને પાર પહોંચી જાય છે, જેને અનહેલ્થી ગણવામાં આવે છે. મહાનગરોનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૮૦ને પાર પહોંચવા લાગતાં તબીબોએ લોકોને ચેતવ્યા છે. ખાસ કરીને શ્વાસ અને હૃદયરોગના દર્દીઓ વહેલી સવારે અને રાત્રિના સમયે બહાર ન નીકળવા સલાહ આપી છે. જો બહાર નીકળવાનું થાય તો N-૯૫ માસ્ક પહેરવા સલાહ આપવામાં આવી છે. નવેમ્બર ૨૦૨૫માં AQIની વાત કરીએ તો અમદાવાદ અને રાજકોટમાં તો છેલ્લાં પાંચ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે.

# રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૬ નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી બનશે

ગાંધીનગર,તા.૨૦

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓનું વિભાજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજનને મંજૂરી આપી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. તેમજ રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને સુરતને શહેર અને ગ્રામ્ય એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. તેમજ કચ્છ જિલ્લાને બે ભાગમાં વિભાજન કરીને અંજાર પૂર્વ અને કચ્છ - ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી આપવામાં આવી છે. રાજ્યમાં ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં ખૂબ વધારો થયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા શહેરોમાં ગ્રામ્ય




વિસ્તારોમાં પણ સ્કૂલોની સંખ્યા વધી ગઈ હતી. જેના કારણે મોટા શહેરોમાં આવેલી વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધી જતું હતું. વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધવાના કારણે ઘણી ફાઈલો પેન્ડિંગ રહેતી હતી. જેથી શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન માટે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે શિક્ષણ વિભાગ દ્વારા ૬ નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મંજૂરી આપવામાં આવી છે.

## વાંકાનેરમાં ખનીજમાફિયાના ત્રાસથી ૩ યુવકોએ ઝેર પીધું, એકનું કિશોરનું મોત

રાજકોટ,તા.૨૦

વાંકાનેર તાલુકાના કોઠી મહિકા ગામે ખનીજમાફિયાના ત્રાસથી કંટાળીને ત્રણ યુવકોએ એકસાથે ઝેર પી લીધું હતું. આ દર્દનાક ઘટનામાં ૧૬ વર્ષીય યશ બાંભણિયાનું સારવાર દરમિયાન મોત થયું છે, જ્યારે કલ્પેશ બાંભણિયા અને વિશાલ બાંભણિયા હજુ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝઝૂમી રહ્યા છે. મળતી વિગતો મુજબ, ગામની આસપાસની જમીનમાંથી ખનીજમાફિયા દ્વારા ગેરકાયદેસર રીતે ખનીજની લૂંટ ચાલી રહી હતી. આ માફિયાએ ગામના લોકોને ધમકીઓ આપીને મૌન રહેવા દબાણ કર્યું હતું. આ ત્રાસથી તંગ આવેલા ત્રણેય યુવકોએ મંગળવારે રાત્રે એકસાથે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાંની સાથે જ પરિવારજનોએ ત્રણેયને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન ૧૬ વર્ષીય યશ બાંભણિયાએ જીવ ગુમાવ્યો છે.

# સુરેન્દ્રનગર જિલ્લાના જોબાળા ગામની યુવતીની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા

સુરેન્દ્રનગર,તા.૨૦

સુરેન્દ્રનગર જિલ્લામાં ચુડાના જોબાળા ગામે રહેતી ૨૩ વર્ષીય યુવતી રાણપુર ખાતેની ફેકટરીમાં કામે જતી હતી ત્યારે ગામમાં જ તેની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હતી. એ મામલે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે, જેણે પોલીસ સમક્ષ ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. આરોપીએ જણાવ્યું હતું કે આ યુવતીને મારો



પુત્ર, જે આર્મીમાં છે તેની સાથે અફેર હતું. યુવતી રોજ ઘરે આવી ઝઘડો કરતી હતી, જેથી મને ગુસ્સો આવ્યો અને મેં શરીર પર ૩૬ ઘા ઝીંકી તેને પતાવી દીધી હતી. આ અંગે મળતી માહિતી મુજબ, ચુડા તાલુકાના જોબાળા ગામે રહેતી હેતલ જુવાલિયાને ૪ વર્ષ પહેલાં ગામના અને હાલ આર્મીમાં ફરજ બજાવતા યુવાન સંજય બચુભાઈ લીંબડિયા સાથે આંખ મળી ગઈ હતી. સંજય અને યુવતી હેતલ બન્નેએ મૈત્રી કરાર કર્યા હતા. ત્રણ વર્ષ પહેલાં યુવતીએ એક પુત્રને પણ જન્મ આપ્યો હતો, જોકે આ બન્નેનાં લગ્ન યુવકનાં પરિવારજનોને મંજૂર ન હોવાથી આજથી બે વર્ષ પહેલાં યુવક સંજયે એક યુવતી સાથે લગ્ન કરી લીધા હતા.

## ઝઘડિયા GIDCમાં કેમિકલયુક્ત પાણી પીવાથી ૮ ગાયના મોત થતા ગૌપ્રેમીઓમાં ભારે રોષ

ભરૂચ,તા.૨૦

ભરૂચ જિલ્લાના ઝઘડિયા સ્થિત જીઆઈડીસીમાં આવેલ વિવિધ કંપનીઓ દ્વારા અવારનવાર કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી જાહેરમાં છોડવાની ઘટનાઓ બનતી હોય છે. આવું પ્રદૂષિત પાણી વરસાદી કાંસોમાં થઈને ખાડીઓ અને નર્મદામાં જતું હોય ખાડીઓ અને નર્મદાનું જળ તો પ્રદૂષિત થાય છે જ, સાથોસાથ આવા પાણીથી ખેતીની જમીનોને પણ નુકસાન થાય છે. 'આ પાણી પાલતુ અને જંગલી પશુઓના પીવામાં આવતા તેમના મોત પણ થાય છે. ત્યારે ગતરોજ ઝઘડિયા જીઆઈડીસીમાં એક સાથે આઠ ગાયના રહસ્યમય સંજોગોમાં મોત થતાં એકસાથે આઠ ગાયના મોતને લઈને પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંદર્ભે પશુપાલક ગંગદાસભાઈ ધરજીયા (ભરવાડ) દ્વારા ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ લખાવવામાં આવી હતી. તે મુજબ જીઆઈડીસીની બ્લેક રોઝ કંપનીના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કંપનીમાંથી નીકળતું પાણી પી જવાથી કુલ ૮ ગાયના મોત થયા હતા.

# ડ્રગ્સ રેકેટમાં વોન્ટેડ અનમોલ બિશ્નોઈ સામે ગુજરાત ATSની કાર્યવાહી તેજ

અમદાવાદ,તા.૨૦

ગુજરાત એટીએસએ અનમોલની ધરપકડ કરવા માટે કાર્યવાહી તેજ કરી છે, કારણ કે તે રાજ્યમાં ચાલતા ડ્રગ્સ હેરાફેરીના મોટા કેસમાં વોન્ટેડ છે. ગતરોજ અનમોલને યુએસએથી ભારતમાં ડિપોર્ટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેની દિલ્હીમાં એનઆઈએ દ્વારા દિલ્હી એરપોર્ટ પર તેની ધરપકડ કરવામાં આવી હતી.



આ ધરપકડમાં સત્તાવાર જુદા જુદા રાજ્યોમાં ચાલતા કેસોમાં રજૂ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ મુજબ, લોરેન્સ બિશ્નોઈ ગેંગના ફંડિંગનો મોટો ભાગ ડ્રગ્સ સ્મગલિંગ અને હેરાફેરી દ્વારા થતો હતો. આ નેટવર્કમાં ગુજરાત ટોચનું સ્થાન છે, કારણ કે દરિયાકાંઠા મારફતે નાર્કોટિક્સની હેરાફેરી થતી હોવાની શંકા છે. સૂત્રો અનુસાર, અનમોલ બિશ્નોઈના માર્ગદર્શન હેઠળ કામ કરતી ટીમે ગુજરાતમાં મોટા પ્રમાણમાં મેથ, અફીણ, હેરોઈન અને સિન્થેટિક ડ્રગ્સની હેરાફેરી કરી હતી. આ કારણે જ એટીએસએ તેને "હાઈ-પ્રોફાઈલ વોન્ટેડ" જાહેર કર્યો હતો.

# રાજકોટનું નિવૃત્ત શિક્ષક દંપતી 'ડિજિટલ એરેસ્ટ'માં ફસાયું: ૧.૧૪ કરોડ રૂપિયા ગુમાવ્યા

અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં ફરી એક વખત ડિજિટલ અરેસ્ટ કેસ મામલો બન્યો છે. ટેક્નોલોજીના વધતા ઉપયોગ સાથે સાયબર ગુનેગારો સતત નવી રીતો શોધી લોકોને ઠગવાનું કામ કરી રહ્યા છે. આ બનાવ રાજકોટ શહેરના એક નિવૃત્ત શિક્ષક અને તેની પત્ની સાથે બન્યો છે, જેને સાયબર ક્રિમિનલોએ 'ડિજિટલ એરેસ્ટ' નામની ભયજનક ચાલમાં ફસાવી ૧.૧૪ કરોડ રૂપિયા ઠગ્યા હતા. સૂત્રો અનુસાર, આ દંપતીને પહેલા અજાણ્યા નંબર પરથી એક કોલ આવ્યો. કોલ કરનાર વ્યક્તિએ પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી ગણાવ્યો હતો. તેણે નિવૃત્ત શિક્ષકને જણાવ્યું હતું કે તેના નામે આતંકવાદી પ્રવૃત્તિ, ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને મની લોન્ડરિંગ જેવા ગંભીર




આરોપોની તપાસ ચાલી રહી છે. આ આરોપો સાંભળ્યા બાદ દંપતી ભયભીત થઈ ગયું. ગુનેગારે આ ડરને જ હથિયાર બનાવીને ૧.૧૪ કરોડ ઠગ્યા હતા. આ કોલની વધુ માહિતી મુજબ, કોલરે દંપતીને જણાવ્યું કે, તેની તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તે 'ડિજિટલ એરેસ્ટ' અંતર્ગત રહેશે, એટલે કે તેને મોબાઈલ પર સતત વીડિયો કૉલ પર રહેવું પડશે, બહાર જવું નહીં, કોઈ સાથે સંપર્ક ન કરવો અને તેના બધા બેંક ખાતા, પાનકાર્ડ અને અન્ય નાણાકીય વિગતો તપાસ માટે આપવા પડશે.

# મહેસાણા જિલ્લા પોલીસ વડાનો એક સાથે ૭૪૭ પોલીસકર્મીઓની બદલીનો આદેશ

મહેસાણા,તા.૨૦

મહેસાણા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. એક સાથે ૭૪૭ પોલીસકર્મીઓની બદલી કરી દીધી છે. એસપી હિમાંશુ સોલંકીએ બદલીનો નિર્ણય લીધો છે. મહેસાણામાં એસપી દ્વારા મોટો નિર્ણય લેતાં એક સાથે ૭૪૭ પોલીસકર્મીઓની બદલી કરી દીધી છે. પોલીસ વિભાગમાં એક સાથે આટલી મોટી બદલીને



કારણે હડકંપ મચી ગયો છે. મહેસાણા જિલ્લાના પોલીસ વડા હિમાંશુ સોલંકીએ એક મોટો નિર્ણય લઈ પોલીસ વિભાગમાં હડકંપ મચાવી દીધો છે. એસપીએ એક જ આદેશમાં જિલ્લાના કુલ ૭૪૭ પોલીસકર્મીઓની એક સાથે બદલી કરી દીધી છે. મહેસાણા જિલ્લામાં આટલી મોટી સંખ્યામાં બદલીનો આદેશ લગભગ પ્રથમવાર થયો છે. સામાન્ય રીતે પોલીસ બેડામાં નાના પાયે બદલીઓ થતી હોય છે, પરંતુ આ સામૂહિક બદલી પોલીસ વિભાગમાં પણ ચર્ચાનું કેન્દ્ર બની છે.

## સુરતમાં ૨.૯૨ કરોડની ઠગાઈ અને બોગસ દસ્તાવેજ કેસમાં SDCA પ્રમુખની ધરપકડ

સુરત,તા.૨૦

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરવામાં આવી છે. કરોડોની ઠગાઈ અને બોગસ દસ્તાવેજના કેસમાં સુરતની ઈકો સેલની ટીમે પગલાં લીધા છે. બોગસ પાવર ઓફ એટર્નીથી ૨.૯૨ કરોડની લોન મેળવાઈ હતી. જે મામલે તેમના ભાઈના પત્ની અને દીકરીએ ફરિયાદ કરી હતી. કનૈયાલાલ રાહત માટે છેક સુપ્રીમ કોર્ટ ગયા હતા. સુપ્રીમના આદેશનું પાલન ન થતા તેમનું વચગાળાનું રક્ષણ રદ કરાયું હતું. જેથી તેમની ધરપકડ કરી તપાસ હાથ ધરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર એસડીસીએના પ્રમુખ કનૈયાલાલની ધરપકડ સુરત ઈકો સેલ દ્વારા કરવામાં આવી છે. તેમના પર આરોપ છે કે કનૈયાલાલે તેમના સગાના નામે બોગસ પાવર ઓફ એટર્ની તૈયાર કરાવી હતી. આ દસ્તાવેજના આધારે બજાજ ફાઈનાન્સમાંથી ૨.૯૨ કરોડની લોન લીધી હતી.

# અમદાવાદમાં મહિલા સુરક્ષા માટે ક્રાઈમ બ્રાન્ચનું ૩૦ દિવસીય 'નાઈટ ડ્રાઈવ' અભિયાન

અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળ્યો છે, ખાસ કરીને રાત્રિના સમયે મહિલાઓની અવરજવરને નિશાન બનાવી અસામાજિક તત્વો દ્વારા થતા કિસ્સાઓથી ચિંતાનો માહોલ સર્જાયો છે. આ સ્થિતિને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને હવે ક્રાઈમ બ્રાન્ચે મહિલાઓની સુરક્ષા માટે ખાસ



અભિયાન શરૂ કર્યું છે. આગામી ૩૦ દિવસ સુધી ખાસ રાત્રી ડ્રાઈવ ચાલુ રહેશે, જેમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં સતત અને સઘન પેટ્રોલિંગ કરવામાં આવશે. આ ડ્રાઈવ અંતર્ગત મહિલાઓની અવરજવર વધુ જોવા મળતા વિસ્તારોને ખાસ પ્રાથમિકતા આપવામાં આવી છે. ખાસ કરીને એસજી હાઈવે, એસપી રિંગ રોડ, રિવરફ્રન્ટ સહિતના માર્ગો અને જાહેર સ્થળોએ રાત્રે ભારે પેટ્રોલિંગ કરવામાં આવશે. પોલીસ ટીમો સતત ફરજ પર રહેશે જેથી અસામાજિક તત્વો, રોમિયો ગેંગ અને શરારતી લોકો પર નિયંત્રણ મેળવી શકાય.







